
કુમાર

દાલ સરોવરમાં નૌકા વિહાર · ચિત્રકાર : કનુભાઈ દેસાઈ



જમણી બાજુએ: કાશ્મીરી શાલ ઉપર વેલબુટ્ટીનું બારીક આલેખન

અંક ૨૯૮ મો

આવતી કાલનાં નાગરિકો માટેનું આજનાં ઘરોનું એકલું માસિક · સંસ્થાપક · રવિશંકર મ. રાવળ
વર્ષ પચીસમું · અંક દસમો · ઑક્ટોબર · ઓગણીસ સો અુડતાલીસ · તંત્રી · બચુભાઈ રાવત



કમનીય કાશ્મીર

ચિત્રકાર · કનુ દેસાઈ







કુમાર
ઑક્ટોબર ૧૯૪૮
અંક ૨૯૮

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

ગ્રાહકોને

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી. મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૭॥; પરદેશમાં રૂ. ૯॥ અથવા ૧૫ શિલિંગ. છુટક નકલના બાર આના.

જાહેરખબરના સોલ એજન્ટ: મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટી કંપની
ફર્નાન્ડિઝ બ્રિજ, ગાંધી રોડ, અમદાવાદ.

કુમારમાંનાં સર્વ લખાણો, ચિત્રો અને ફોટો કૉપીરાઈટથી રક્ષિત છે.

અજંતાના કલામંડપો

હિંદભરના સાહિત્યમાં આ વિષયનું આટલું ચિત્રભર્યું ને છતાં આટલું સસ્તુ આ પહેલું જ પુસ્તક છે. શ્રી રવિશંકર રાવળે લખેલો અજંતાની કલાની વિસ્તૃત સમાલોચના કરતો લેખ, એનાં પાનાંને રંગમય કરતાં ૯ ત્રિરંગી ચિત્રો તથા આર્ટપેપર ઉપર છાપેલાં ૧૬ પાનાં ભરીને આલેખનો અને ફોટોગ્રાફો, તેમજ પાનેપાને અજંતાનાં શોભનોનાં રેખાંકનો ધરાવતા આ અપૂર્વ કલા-ગ્રંથની નવી આવૃત્તિ હમણાં જ બહાર પડી છે. પણ તે હવે છેલ્લી આવૃત્તિ છે; કેમકે એમાંની અમુક વસ્તુઓ હવે ફરી મળવી અશક્ય છે, એટલે આ રૂપમાં તો આ તેની છેલ્લી આવૃત્તિ જ બહાર પડી શકી છે; અને નકલો પણ ગણત્રીની જ નીકળી શકી છે. આથી, જેમને વસાવવી હોય તેમને માટે આ અંતિમ તક છે. કિં. રૂ. ૩) પોસ્ટેજ, પૅકિંગ, રજિસ્ટ્રેશન, સેલ્સટૅક્સ વગેરેના ૦–૯–૦ જુદા.

શિલ્પપરિચય

હિંદી કલાનાં રૂપ અને રહસ્યદર્શનના અગ્રણી આવિષ્કારક તથા 'રૂપમ્'ના તંત્રી, વિખ્યાત કલાવિવેચક શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીએ વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલા મૂળ બંગાળી ગ્રંથનો અનુવાદ. સંખ્યાબંધ દૃષ્ટાંતચિત્રોથી ખીચોખીચ ભરેલું આ પુસ્તક કલાનાં રૂપ-રહસ્યની શાસ્ત્રીય સમજણ આપીને રસદૃષ્ટિ ખીલવવા ઉપરાંત કોઇપણ કલાપ્રેમી માટે હિંદી કલાની સમજણના એક મહત્ત્વના અભ્યાસરૂપ બની રહેશે. કલારસિકો, રસદૃષ્ટિના અભ્યાસી વિદ્યાર્થીઓ, ચિત્રશિક્ષકો, બધી માધ્યમિક શાળાઓ, પુસ્તકાલયો વગેરેને ઉપયોગી, ખીચોખીચ લખાણ સાથે લગભગ ૨૦૦ ચિત્રોથી ભરચક અતિ મૂલ્યવાન સંગીન અને સમૃદ્ધ મીમાંસાપોથી કિં. રૂ. ૩. (પો. પૅકિંગ ०॥।)

અમદાવાદ (ગુજરાતનું પાટનગર)

જેણે પશ્ચિમના સમર્થ કલામીમાંસકોને મુગ્ધ કર્યા છે અને જેની પ્રશસ્તિ સાંભળીને જગત-યાત્રીઓ અમદાવાદ આવે છે, એ શિલ્પ અને સ્થાપત્યનાં કાવ્યો સમાં અમદાવાદનાં બાવન નામચીન સ્થાનોના ફોટોગ્રાફોનું આલ્બમ. ચિત્રોની માહિતીનોંધ તથા અમદાવાદની ચડતીપડતીના વિદ્વત્તાભર્યા નિબંધ સાથે. કિં. રૂ. ૨. (પો. પૅકિંગ ०॥।)

ગુજરાત કલાકલાપ

સર્વશ્રી રવિશંકર રાવળ, કનુ દેસાઈ, સોમાલાલ શાહ, રસિકલાલ પરીખ, જગન્નાથ અહિવાસી, છગનલાલ જાદવ, ત્રિગુણાતીત પંચોળી આદિ અગ્રણી ગુજરાતી કલાકારોનાં પૂર્ણરંગી ચુનંદાં ચિત્રો આર્ટ કાર્ડ ઉપર સુઘડ રંગીન છપાઇમાં પ્રત્યેક ચિત્રકારના તથા ચિત્રના પરિચય સાથે આ નામથી કુમાર કાર્યાલયે જે આપવાં શરૂ કર્યાં હતાં તે સસ્તાપણાની દૃષ્ટિએ અનન્ય હતાં. એટલે જ તેના પહેલા બે સંપુટ ખલાસ થઈ ગયા છે. ત્રીજો સંપુટ છપાય છે.

કલાકારની સંસ્કારયાત્રા

જાહોજલાલીના શિખરે પહોંચેલા જાપાનનો, કલકત્તાથી દિલ્હી સુધીનાં ઉત્તર ભારતનાં કલા-સંસ્કારધામોનો તથા હિમાલયની ગોદમાંના કલાગુરુ રોરિકના નિવાસસ્થાનનો—એવા ત્રણ વિશિષ્ટ વૈવિધ્યવાળા પ્રવાસોનું આ પુસ્તક શ્રી રવિશંકર રાવળે કરેલી કલાયાત્રાઓના રસમુગ્ધ અહેવાલો ઉપરાંત મબલખ ચિત્રો તથા ફોટોગ્રાફો દ્વારા એ સિદ્ધહસ્ત કલાકારની કલમ અને પીંછીની સભર સામગ્રીથી છલકે છે. કિં. રૂ. ૪–૧૨–૦ (પો. પૅકિંગ ०॥।)

કલાચિંતન

શ્રી રવિશંકર રાવળે કલાની સમજણ, જીવનમાં કલાનું સ્થાન ને ભારતની કલાનો વિશિષ્ટ ગુણવૈભવ આદિ વિષયો પર લખેલા નાનામોટા લેખોનો સંગ્રહ. સુશોભન આપતા સ્કેચો તથા ચાર પ્લેટો સાથે. કિં. રૂ. ૩॥. (પો. પૅકિંગ ०॥।)

ભારતીય ચિત્રાંકન

ચિત્રકળા શીખવાની ધગશવાળા જિજ્ઞાસુઓને તેમજ શાળામાં ચિત્રશિક્ષણ લેનારાઓને મદદરૂપ થઈ પડે એ દૃષ્ટિથી તૈયાર કરેલા આ ચિત્રસંપુટમાં અસલ ભારતીય સ્વરૂપોમાંથી જૂના સંસ્કૃતિદર્શક લાક્ષણિક આકારો શોધીને તેના ઉપરથી વિવિધતાભર્યાં ત્રીસ સરળ આલેખનો તૈયાર કરવામાં આવ્યાં છે. આલેખનોનો ઉપયોગ કરવાની સૂચનાઓ તથા રંગપૂરણીમાં માર્ગદર્શક બને તેવી એક પૂર્ણરંગી ચિત્રપ્લેટ સાથે. કિં. રૂ. ૩. (પો. પૅકિંગ ०॥।)


કનુ દેસાઈના ચિત્રસંપુટો

છાયાચિત્રો ભાગ ૧, સદર-ભાગ ૨, મંગલાષ્ટક, જીવનમંગલ, લગ્નોત્સવ, વ્રતચિત્રાવલિ, એ દરેકના રૂ. ૨–૦–૦; રંગલહરી ભાગ ૧, સદર-ભાગ ૨, રંગચિત્રો ભાગ ૧, સદર-ભાગ ૨, રંગાવલિ, નૃત્યરેખા, મીરાંબાઈ, એ દરેકના રૂ. ૨॥; શૃંગારિકા, રૂપરેખા, શ્રીલેખા, ચિત્રલેખા, એ દરેકના રૂ. ૩–૦–૦; ચિત્રમંજરી રૂ. ૩–૪–૦; મહાત્મા ગાંધી—રૂ. ૪; ઉપરના દરેક આલ્બમ દીઠ પોસ્ટેજ, પૅકિંગ, સેલ્સટૅક્સ, રજિસ્ટ્રેશન વગેરે ખર્ચના ૦–૧૨–૦ જુદા ગણવા.

કુમાર કાર્યાલય લિમિટેડ · ૧૪૫૪ રાયપુર · અમદાવાદ

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે ત્રણ દરવાજા · અમદાવાદ

હિંદના આ સૌથી મોટા દેશી રાજ્યનો ઘણોખરો ભાગ તદ્દન ડુંગરાળ અને નિર્જન છે. ક્યાંક સ્થાનના નામની સાથે કૌંસમાં આપેલા આંકડા એ ઊંચાઇનો ખ્યાલ આપે છે. માત્ર ચિત્રમાં ત્રાંસી લીટીથી બતાવેલો કાશ્મીરની ખીણનો નાનકડો પ્રદેશ જ સૌંદર્ય, સમૃદ્ધિ અને ઉદ્યોગોને માટે જગવિખ્યાત છે. ચિત્રમાં ટપકાં કરેલો કાશ્મીરનો ભાગ અત્યારે પાકિસ્તાનના તાબામાં છે. (વિસ્તૃત પરિચય માટે જુઓ અંદરનો લેખ.)



કુમાર
આવતી કાલનાં નાગરિકોનું માસિક
ઑક્ટોબર
૧૯૪૮

અવહેલા

ઓળખી મેં નહિ વેળા;
મનમાં જેની લગન લાગી
કાધ તેની અવહેલા…ઓળખી૦

પ્રેમનો આદર પામતાં ઉરે
જાગિયું જે અભિમાન,
રંગની આભા માણતાં એની,
નિજ ભૂલી ઓળખાણ:
આંગણે એણે ટહૂકો રેલ્યો,
વળતે સૂરે નહિ મેં ઝીલ્યો,
હાય-રે અબોલ રહીને લ્યો,
(એના) દૂરને મારગ પળતાં આવે
ગીતનાં વચન ઘેલાં…ઓળખી૦

એક તો ચાલ્યું જાય સુદૂરે
નેણની સીમાપાર,
એકનો ઢળે અરધે મારગ
ઝૂરતો ઉર-પુકાર:
એકની ગતિ તેજને ગગન,
એકની મતિ શોકને સદન,
એક જતિ, એક પ્રણય-મગન
કાળને કયા ઉંબરે ઉભય
થૈશું રે અવ ભેળાં?…ઓળખી૦

રાજેન્દ્ર શાહ

જિન્દગાની

- મિશ્ર -

'આ જિન્દગાનીથી ભલું જ મૃત્યુ એ'
કરી, ઝુકાવી મુજ ડોકને મેં
તોળાયલી એ તલવાર નીચે:
પડી ગળામાં—ફૂલમાળ થૈને!

પ્રજારામ રાવળ

જગને

- વૈતાલીય -

પદઘાત કઠોર નિષ્ઠુર
કરને આ જગ! તું રખે કરે;
કર આ નિજ ગિટ્ટીમાં ધરે
અતિ સંભાળથી કોકનું ફૂલ.

ઉશનસ્

શીદને?

રે જીવ, શીદને ઓછું આણે?
લાખ લોકોની મમતા-માયા મંન ભરીને માણે! —રે૦

શૈશવકાળને કોમળ વારણે સિન્દુર સોણલાં ઓઢી,
ગુલાલભરી નીંદને પારણે નિત રહ્યો'તો પોઢી;
પૂછ તો જરા, કહેશે, તારી પાંપણ એ સૌ જાણે! —રે૦

કેસરિયાં શત શમણાંમાં તું પીકી અનંગની ચોળી,
જોબનની રંગરમણામાં તું મોતને રહ્યો ઘોળી;
જીવનનો જંગ ચાણતો તું તો સ્નેહભરેલાં ગાણે! —રે૦

આજ આંસુ ભલે, કાલ હસીને આંખ તું જાશે મીંચી,
તું વિણ શૂન્ય આ જગ વસીને, નીરની ધારા સીંચી,
હસનારાઓ રડશે તારી વિદાયના એ ટાણે! —રે૦

નિરંજન ભગત

છીપ

- શિખરિણી -

પડી'તી સિંધુને અતળ તળિયે, કૈંક જળના
સ્તરો મારા નાના શરીર ઉપરે ભીંસ કરતા;
અને ત્યાં કો ખૂણે તિમિરભરી કો ઝાંખતી મહીં
રહી, વારિમાંથી ચહું મુજ ઉરે મોતી સરજવા.

થશે મારૂં મોતી સરસ, જગમાં ખ્યાતિ રળશે,
અને માતા લેખે બનીશ અધિકારિણી યશની:
કંઇ એવા ખ્યાલે દિવસ કપરા હું વહવતી,
જળોની ભીંસોને, વળી તિમિરને યે ન ગણતી.

અરે, કિન્તુ ઘેલા બની જઈ અધીરા મરજિવા
કૂદ્યા, સિંધુ ડહોળ્યો, ઉંચકી ય મને અન્ય સહ, ને
તટે જૈ જોયું તો મુજમહીંથી મોતી ન નિકળ્યું,
અને દીધી રોષે ફગવી શી મને વેળુઢગમાં!

ભલેને ના મોલાં મુજ રૂપ પરે દુન્યવી જનો,
ભણું ના આ કે હું લુભવી શકી છું બાલક-મનો?

દેવજી રા. મોઢા

કાયદે આઝમ મહંમદઅલી ઝીણા

બ્રહ્મદેશ, હિંદ ને પાકિસ્તાન, ત્રણે દેશોએ વિધિની કોઈ અકળ ગતિનો છેલ્લાં વરસોમાં અનુભવ કર્યો. બ્રહ્મદેશે લાંબી ગુલામી પછી સ્વાતંત્ર્ય મેળવ્યું; પણ પ્રજા તેનો આસ્વાદ લે તે પહેલાં જ તે સ્વાતંત્ર્ય મેળવી આપનાર લાડીલા નેતા આઉં સાનનું ખૂન થયું! હિંદની પણ આઝાદીની ઉષા ઊગી અને પ્રજા હર્ષથી ગાંડી બની, ત્યાં તો એ સ્વાતંત્ર્યના ઉન્નત શિલ્પી અને સર્જક રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું ખૂન થયું. અને હમણાં પાકિસ્તાનના નિર્માતા તથા ભાગ્યવિધાતા કાયદે આઝમ મહંમદઅલી ઝીણાનું પણ ગઈ તા. ૧૧મી સપ્ટેમ્બરે હૃદય બંધ પડવાથી મૃત્યુ થયું.

ગાંધીજી અને જ૦ ઝીણાની કાર્યપદ્ધતિ, વિચારસરણી, સિદ્ધાંતો તથા વ્યક્તિત્વ ઈત્યાદિ વચ્ચે ઉત્તર-દક્ષિણ જેટલું અંતર હોવા છતાં આ દેશના ઇતિહાસમાં ગાંધીજીના નામની સાથે જ ઝીણાનું નામ પણ એક કડવી યાદ રૂપ રહેશે; કારણ હિંદુસ્તાનના ઇતિહાસને આજનો વિશિષ્ટ પલટો આપવામાં એ બંનેનો મોટો ફાળો છે. એકતાના સદા આગ્રહી ગાંધીજીએ હિંદને સ્વાતંત્ર્ય મેળવી આપીને જબરદસ્ત બ્રિટિશ સલ્તનતની નાગચૂડમાંથી તેને મુક્ત કર્યું; અને ઝીણાએ દેશના ભાગલા પાડીને જ એ સ્વાતંત્ર્ય મળવા દીધું.

૭૨ વર્ષની એમની જીવનયાત્રા કૈંક વિચિત્ર ગણી શકાય. એક સાધારણ વકીલ તરીકે જીવનની શરૂઆત કરનાર વ્યક્તિ ૭ા કરોડની વસતિવાળા દેશની આવી રીતે ભાગ્યવિધાતા બનશે એમ કોણે ધાર્યું હતું? તેમના જીવનનું વૈચિત્ર્ય એ હતું કે તેમના પૂર્વ જીવન ને ઉત્તર જીવન વચ્ચે બે ધ્રુવ જેટલું અંતર હતું. ૧૯૨૦ સુધી હિંદુ-મુસલમાન ઐક્ય માટે ઝૂઝનારા બૅરિસ્ટર ઝીણા, ૧૯૩૪ પછી હિંદુ અને મુસલમાન એ બે અલગ રાષ્ટ્ર છે અને તેમનું ઐક્ય થવું કદાપિ શક્ય નથી એમ જોરશોરથી પુરસ્કારવા લાગ્યા!

ગોંડળ રાજ્યના પાનેલી ગામના વતની અને ધંધાર્થે કરાંચી જઈ વસેલા ઝીણા નામના શ્રીમંત ખોજા ગૃહસ્થને ત્યાં કરાંચીમાં ૧૮૭૬-ની ૨૫મી ડિસેમ્બરે મહંમદઅલીનો જન્મ થયો હતો. કરાંચી તથા મુંબાઈમાં મદ્રેસા અને મિશન સ્કૂલમાં પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ પૂરું કરી ૧૬ વર્ષની વયે તેમણે મુંબાઇ યુનિવર્સિટીની મૅટ્રિકની પરીક્ષા પાસ કરી. પિતાની ઇચ્છા તેમને પોતાના ધંધામાં જોડવાની હતી, પણ તેમની કુશાગ્ર બુદ્ધિમત્તા જોઇને પિતાના મિત્ર ફ્રેડરિક ક્રૉફ્ટે તેમને વધુ અભ્યાસ માટે ઈંગ્લંડ મોકલવાની સલાહ આપી. એટલે ૧૬મે વર્ષે જ ઈ. ૧૮૯૨માં તે બૅરિસ્ટરીના અભ્યાસ માટે ઈંગ્લંડ ગયા.

ઈંગ્લંડમાંના તેમના વસવાટ દરમ્યાન દાદાભાઇ નવરોજી સાથે તેમનો પરિચય થયો અને તેમની પાસેથી તેમણે જિજ્ઞાસા અને પૂજ્ય ભાવથી હિંદી રાષ્ટ્રવાદના પાઠ શીખવા માંડયા. થોડા જ વખતમાં તે હિંદી સ્વાતંત્ર્યની ધગશથી રંગાયા; અને એ સંબંધ એવો દૃઢ બંધાયો કે ૧૯૦૬ની કલકત્તા કૉંગ્રેસ વખતે દાદાભાઈ પ્રમુખ હતા ત્યારે ઝીણાએ તેમના રહસ્યમંત્રી તરીકે કામ કરેલું.

૧૮૯૬માં બૅરિસ્ટરીની પરીક્ષા પાસ કરી તે હિંદ પાછા આવ્યા તે વખતે તેમનું ખાનદાન પૈસેટકે પાયમાલ થઈ ગયું હતું. એટલે દેશમાં આવીને તરત તેમને કપરી ગરીબીમાં સપડાવું પડ્યું અને થોડો વખત કરાંચીમાં ગાળીને પછી તેમણે મુંબાઇમાં વકીલાત શરૂ કરી. પાછળથી પ્રથમ પંક્તિના બૅરિસ્ટર તરીકે મોટી નામના મેળવનાર ઝીણાનાં શરૂનાં ત્રણ વર્ષો તદ્દન નિરાશાજનક હતાં. પણ મુંબાઇના ઍડવોકેટ જનરલ મૅકફર્સનની ચેમ્બરમાં બેસીને જ્યારથી તેમણે નવો આરંભ કર્યો ત્યારથી તેમના નસીબ આડેનું પાંદડું ખસી ગયું. તે સમયમાં ગોરો બૅરિસ્ટર એક હિંદીને આ પ્રમાણે તાલીમ માટે રાખે એ બનાવ પહેલો હતો. નિરાશાના અંધકારમાં ગાળેલા પોતાના કઠણ દિવસોની વાત કરતાં તેઓ મિ. મૅકફર્સનની એ મહેરબાનીની યાદ ઘણી વાર કરતા. પછી તો તેમની બુદ્ધિચાતુરી, પ્રબળ દલીલશક્તિ, બોલવાની છટા અને કાયદાની આંટીઘૂંટી ઉકેલવાની આવડત ઇત્યાદિને કારણે જોતજોતાંમાં તેમનો ધંધો ધીકતો ચાલવા લાગ્યો અને એક શ્રેષ્ઠ ધારાશાસ્ત્રી તરીકે તે પંકાવા લાગ્યા.

આ અરસામાં મુંબાઈના પ્રિટિ પારસી કુટુંબની એક યુવતી સાથે તેમણે લગ્ન કર્યું તેને લીધે પારસી કોમમાં મોટો ખળભળાટ મચી ગયો. વકીલાતની સાથેસાથે તે હિંદી સ્વાતંત્ર્યની રાષ્ટ્રવાદી હીલચાલમાં પણ દિલ્લગીથી ભાગ લેતા. મહર્ષિ દાદાભાઈ, બદ્રુદ્દીન તૈયબજી, ફિરોઝશાહ મહેતા, ગોપાળ કૃષ્ણ ગોખલે ઈત્યાદિના સંપર્કને લીધે ઝીણા પૂરેપૂરા રાષ્ટ્રવાદી બન્યા હતા. એ રાષ્ટ્રવાદથી ભરેલા ઝીણાએ એક વખત જાહેર કર્યું હતું કે પોતાની ઈચ્છા 'મુસ્લિમ-ગોખલે' બનવાની છે અને સ્વ. ગોખલેજીએ પણ એમને વિષે બોલતાં જણાવ્યું હતું કે 'મિ. ઝીણા મોટા શક્તિશાળી પુરુષ છે. ધાર્મિક વૃત્તિનું સંકુચિત માનસ અને કોમી ભાવથી તે મુક્ત છે. આ સ્વતંત્રતા તેમને આગળ ઉપર હિંદુ-મુસલમાન ઐક્યના પરમ દૂત બનાવશે.' પરંતુ વિધિએ તો કંઈ બીજું જ ધાર્યું હતું!

હોમરૂલ લીગની ચળવળમાં ઉત્સાહથી ભાગ લેવાને કારણે તેઓ લો૦ ટિળક સાથે ગાઢ સંબંધમાં આવ્યા. ટિળક પર ચાલેલા અનેક કેસો વખતે એમણે વકીલાત કરેલી અને ૧૯૧૬ વખતે તો હાઇકોર્ટ સુધી લડીને તેમણે જ ટિળક પરની ભાષણબંધી ઊઠાવવામાં સફળતા મેળવેલી. મુંબાઈ મ્યુનિસિપાલિટીની ચૂંટણી વખતે યુરોપિયનોએ પ્રપંચ રચીને ફિરોઝશાહ મહેતાને ચૂંટણીમાં હરાવ્યા; એટલે તરત જ ઝીણાએ પોતાની બેઠકનું રાજીનામું આપીને ફિરોઝશાહને ફરી ચૂંટણીમાં ઊભા રહેવાની અને ચુંટાવાની તક આપી. તેમના આ સ્વાર્થત્યાગ અને રાષ્ટ્રીયતાને લીધે તેમનું નામ મુંબાઈમાં ગાજતું થઈ ગયું; અને ૧૯૧૯માં મુંબાઇના આપખુદ ગવર્નર લૉર્ડ વિલિંગ્ડનને વિદાયમાન આપવા યોજાએલી મવાળોની સભામાં ઉગ્ર વિરોધ કરી તેને તોડી પાડ્યા પછી તો મુંબાઇમાં તેમને એટલી નામના મળી કે તેની કદરતરીકે તેમના સ્મરણમાં મુંબાઈમાં 'ઝીણા મેમોરિયલ હૉલ' બાંધવામાં આવ્યો.

આમ, ૧૯૦૬થી ૧૯૨૧ સુધી સાચા રાષ્ટ્રવાદના રંગે રંગાએલા બૅરિસ્ટર ઝીણાએ અનેક મહત્ત્વનાં કાર્યો કર્યાં. ૧૯૧૦માં તે ધારાસભામાં ચુંટાયા. ૧૯૧૩ સુધી તો મુસ્લિમ લીગના સાદા સભ્ય થવાની પણ તેમણે ધસીને ના પાડેલી. ૧૯૧૩માં વાઇસરૉય લૉર્ડ હાર્ડિંજે વકફનો કાયદો પસાર કરવાના સમયે તેમને વડી ધારાસભાનું ખાસ કામ સોંપ્યું અને એ વકફ બિલના પસાર થયા બાદ તે હિંદભરના મુસ્લિમોમાં જાણીતા થઈ ગયા. ત્યાર બાદ આરામ માટે ૧૯૧૪માં તે ઇંગ્લંડ ગયા. ત્યાં સૈયદ વઝીર હુસેન આદિ મિત્રોના આગ્રહથી પહેલીવાર તે લીગના સભ્ય થયા; પણ એ શરતે કે 'મારું આ સભ્યપણું હું રાષ્ટ્રીય હિતની આડે નહિ આવવા દઉં.'

૧૯૧૫ના ફેબ્રુઆરીમાં ગોખલેજીનું અવસાન થયું ત્યારે એ



૧૯૧૦માં : ગોખલેના શિષ્ય



૧૯૧૮માં : અટલ રાષ્ટ્રવાદી



૧૯૪૫માં : કટ્ટર પાકિસ્તાની

કરુણ બનાવે બંને કોમને જે ખોટ પડી તેથી તેની એકતા દૃઢ કરવા માટે એ સાલમાં મુંબાઇમાં મળનારી કૉંગ્રેસના અધિવેશન વખતે મુસ્લિમ લીગનું અધિવેશન પણ મુંબાઇમાં ભરવા એમણે આમંત્રણ આપ્યું. એની વિરુદ્ધ ઘણાં કાવતરાં થયાં, પરંતુ એ પ્રસંગે પણ અમલદારોનાં ખોફ ને ખોટી સમજાવટની પરવા કર્યા વિના તે પોતાના રાષ્ટ્રવાદમાં અડગ રહ્યા. એ જ વર્ષે તે વડી ધારાસભામાં ચુંટાયા, ૧૯૧૬-માં મુંબાઇ પ્રાંતીય પરિષદના પ્રમુખ થયા, અને એ જ સાલને અંતે લખનૌની મુસ્લિમ લીગના પ્રમુખ થયા, જ્યાં લીગ-કૉંગ્રેસ વચ્ચે થએલો 'લખનૌ કરાર' કરવામાં એમનો ઘણો મોટો ફાળો હતો.

પણ પછી હિંદના રાજદ્વારી તખ્તા ઉપર ગાંધીજીનું આગમન થયું અને તેમનું અસહકારનું ક્રાંતિકારી રાજકારણ શરૂ થયું. સરઘસ, જેલગમન, સત્યાગ્રહ અને બહિષ્કાર હવામાં ગુંજવા માંડ્યાં. ઝીણાના બંધારણવાદી માનસને સ્વરાજ્યપ્રાપ્તિનો આ નવો માર્ગ રુચ્યો નહિ. ૧૯૨૦ની નાગપુર કૉંગ્રેસ વખતે તેમણે ગાંધીજીના અસહકારના ઠરાવનો તીવ્ર વિરોધ કર્યો. પણ પ્રજામત તો ગાંધીજીની તરફેણમાં જ હોવાથી ઠરાવ પાસ થયો. ઝીણાએ જોઇ લીધું કે ગાંધીજીના તેજથી રાજકારણનો રથ હવે કોઈ જુદે જ માર્ગે દોડી રહ્યો છે. આથી તે રાજીનામું આપી કૉંગ્રેસમાંથી છૂટા થયા. બીજી બાજુ ખિલાફતચળવળને કારણે અલી બંધુઓનું ચલણ વધી ગએલું હોવાથી મુસ્લિમ લીગમાં પણ એમનું તેજ ફિક્કું પડી ગયું હતું. આથી આખરે રાજકારણ છોડી દઈ તે ઇંગ્લંડ ચાલ્યા ગયા.

ઈંગ્લંડમાં તેમના મન પર કયાં બળોએ કામ કર્યું તે કોણ જાણે! પણ ત્યાંથી પાછા આવીને તેમણે ફરી રાજકારણમાં પ્રવેશ કર્યો તે એક કટ્ટર કોમવાદી નેતા તરીકે. અગાઉની વિશાળ રાજકીય દૃષ્ટિ છોડી તે કેવળ મુસલમાનોના જ હક્કો ને મુસલમાનોનું જ હિત જોવા પૂરતા સંકુચિત માનસવાળા બની ગયા. તેમના આ મતપરિવર્તન વિષે તટસ્થ પત્રકાર શ્રી સી. વાઈ. ચિંતામણિએ દુઃખ સાથે નોંધ્યું હતું કે 'ગયાં ૪૦ વર્ષમાં ભારતવર્ષના જીવનમાં જે શોકજનક બીનાઓ બની છે તેમાં મિ. ઝીણાનું મતપરિવર્તન એ એક છે.' ''લોકશાહીના આ જમાનામાં એક વખતના હિંદના રાજ્યકર્તા એવા મુસલમાનોને હિંદુઓના આશ્રિત તરીકે જીવવાનો વારો આવશે' એવી દલીલ કરીને મુસલમાનોને દરેક ઠેકાણે પ્રભાવી સત્તા મળે તે માટે ઝીણાએ સતત અને એકધારા પ્રયત્નો શરૂ કર્યા. તે માટે ૧૯૨૮માં તેમણે લઘુમતિ કોમ માટે 'ચૌદ મુદ્દા'ની માગણી તથા વિભક્ત મતદાર સંઘની યોજના રજૂ કરી. પછી તો પછાત મુસ્લિમ જનતાને સંગઠિત કરવા તથા તેમનામાંના મતભેદો દૂર કરવા માટે તેમણે 'ઇસ્લામ ખતરે મેં હૈ'ની ઘોષણા યોજી. ધર્માંધ મુસ્લિમ જનતા પર તેની ધારી અસર પડી અને તે મુસ્લિમલીગના ધ્વજ નીચે એકત્રિત થઈ. ધર્મ વિષે પોતે તદ્દન ઉદાસીન હોવા છતાં કેવળ પોતાની મહત્ત્વાકાંક્ષા પોષવા માટે તેમણે પોતાના હજારો બાંધવોની ધાર્મિક ભાવનાને આમ

પુરુષમાં વખાણવાલાયક સદ્‌ગુણ કયો?	સ્વતંત્રતા
સ્ત્રીમાં વખાણવાલાયક સદ્‌ગુણ કયો?	વફાદારી
જિંદગીની સફળતા તમે શામાં માનો છો?	લોકનો ચાહ મેળવવામાં
તમારો પ્રિય વિનોદ (Recreation) કયો? ...	ઘોડેસવારી.
તમારું મનગમતું ફૂલ કયું?	લીલી.
તમારો પ્રિય લેખક કયો?	શેકસપીયર
તમારું પ્રિય પુસ્તક કયું?	મોનટીક્રીસટો
તમારો મુદ્રાલેખ (Motto) શો છે?	કદી નીરાશ ન થવું
સહી	મોહમદ અલી ઝીણા

'વીસમી સદી' માસિકમાં જ૦ ઝીણાના હસ્તાક્ષરોમાં આવેલો 'દિલનો એકરાર'

ઉશ્કેરી મૂકી, જેનાં ગંભીર પરિણામ દેશને ભોગવવાં પડ્યાં. ઇ.૧૯૩૪માં તે મુસ્લિમ લીગના અધ્યક્ષ ચુંટાયા. અને ત્યારથી લીગના ને હિંદી મુસલમાનોના મોટા ભાગના તે એકમેવ નેતા ગણાવા લાગ્યા. હવે તેમણે હિંદુ અને મુસલમાન એ બે જુદાં રાષ્ટ્રો જ છે, અને તે કદી પણ એક થઇ શકશે નહિ એમ જણાવી મુસલમાનો માટે અલગ રાષ્ટ્ર 'પાકિસ્તાન'ની માગણી કરી અને ૧૯૪૦માં લાહોરના લીગના અધિવેશનમાં પાકિસ્તાનનો ઠરાવ પસાર પણ થયો, જે હિંદના ભાવિ ભાગલાની સુરંગની ભયંકર ચીનગારી બન્યો.

ભાગલા પાડીને રાજ્ય કરવાની અંગ્રેજોની કુટિલ રાજનીતિનો હાથો બનેલી આ વિનાશક પ્રવૃત્તિમાંથી એમને વારવાને, સમજાવવાને અને દેશના હિતમાં એમની સાથે સમાધાન કરવાને, પં૦ જવાહરલાલ નેહરૂ, સુભાષચન્દ્ર બોઝ, ડૉ. રાજેન્દ્રપ્રસાદ અને ખુદ મહાત્માજીએ પણ અનેક પ્રયત્નો કરી જોયા, પણ એમના દુઃસહ હઠાગ્રહને કારણે તે બધા નિષ્ફળ ગયા. હરેક વખતે તેમણે નન્નો ભણ્યા કર્યો. હિંદુસ્તાનને અખંડ રાખીને આગળ મૂકવામાં આવેલી કોઈપણ યોજના તેમણે સ્વીકારી જ નહિ, એટલું જ નહિ પણ દરેક વખતે તેમાં મુશ્કેલીઓ ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કર્યા કર્યો. '૪૨ની લડત વખતે 'હિંદના ભાગલાને સંમતિ આપો તો જ મુસલમાનો મદદ કરે' એવી શરત તેમણે કરેલી. વૅવેલની સીમલા પરિષદ વખતે તથા ત્રિમંત્રી મંડળના આગમન વખતે તેમણે પોતાની પાકિસ્તાનની જ માગણી પકડી રાખી, એટલું જ નહિ પણ જો પાકિસ્તાન મંજૂર નહિ થાય તો 'સીધાં પગલાં' (Direct Action) લેવાની ધમકી આપી. આ 'સીધાં પગલાં'એ જ કલકત્તા આદિ ઠેકાણે કેવી ભયંકર ખૂનરેજી અને હુલ્લડપાત મચાવી દીધાં તેનો ઈતિહાસ તો તાજો જ છે.

દેશભરમાં આમ દુઃખદાયક વિભક્ત માનસ ઊભું થએલું જોઇ, તેને પરિણામે દેશ આખાને અસંખ્ય ટુકડાઓમાં છિન્નભિન્ન થવા દેવા કરતાં ઓછા અનિષ્ટ તરીકે છેવટે લૉર્ડ માઉન્ટબૅટનની ભાગલાની યોજના સૌ પક્ષે મંજૂર રાખતાં ઝીણાનું સ્વપ્ન સત્યસૃષ્ટિમાં ઊતર્યું અને પાકિસ્તાનનું નિર્માણ થયું. પાકિસ્તાનના સૌ પહેલા ગવર્નર જનરલ તે બન્યા અને ત્યાંની લોકસભાના પ્રમુખ પણ તે નિમાયા.

આમ છા કરોડની વસતિવાળું પ્રથમ પંક્તિનું ઈસ્લામી રાષ્ટ્ર નિર્માણ કરવાનું અનન્ય માન મેળવવાનો સંતોષ તો તેમણે મેળવ્યો; પણ તે પછી તેને માટે દેશને જે ભારે કિંમત ચૂકવવી પડી તેથી સર્વનાં દિલ કકળી ઊઠ્યાં. પોતાના એ રાષ્ટ્રમાંથી લઘુમતિનો કાંટો કાઢી નાખવાને કરપીણ કત્લેઆમ શરૂ થઇ, અને તેનો સામો પડઘો પડ્યો. પરિણામે લાખો હિંદુઓ અને મુસલમાનો પોતાના વતનમાંથી કાયમને માટે ઊખડી ગયા, હજારોની કત્લ થઈ, કરોડોની માલમત્તા લુંટાઇ અને ખેદાનમેદાન થઈ ગઇ, અસંખ્ય સ્ત્રીઓનાં અપહરણો થયાં ને પાશવી અત્યાચારોની લીલા ખેલાઇ.

પાકિસ્તાનનું નિર્માણ થયા પછી એમનું જીવન અતિશય ચિંતા અને ફિકરમાં વ્યતીત થયું. નિરાશ્રિતોનો પ્રશ્ન, આંતરિક મતભેદો, અનેક આર્થિક તથા રાજકીય પ્રશ્નો ઈત્યાદિને કારણે તેમને માનસિક શાંતિ મળી શકી નહિ. પહેલેથી જ નાજુક એવી તેમની તબિયત તદ્દન લથડી ગઈ અને છેવટે કૅન્સરના રોગમાં તેમનું મૃત્યું થયું.

બુદ્ધિની તેજસ્વિતા, દલીલની સચોટતા અને મુત્સદ્દીગીરીના કૌટિલ્ય સાથે તેમનો સ્વભાવ અહંયુક્ત અને ગર્વિષ્ઠ હતો, અને કોઈ પણ કાર્ય હાથ પર લીધા પછી તેને પૂરું કર્યે જ છોડવું એવા દૃઢ નિશ્ચયી પણ તે હતા.

એમના મૃત્યુથી એક ધૂમકેતુ સમી કારકિર્દીનો અંત આવ્યો કહી શકાય. ધૂમકેતુની માફક જ રાષ્ટ્રીય કક્ષા ઓળંગીને કોમવાદની કક્ષામાં તે ઝગી ઊઠ્યા અને એ ઝગમગાટનો અંત પણ ધૂમકેતુના જેવો જ થયો: પોતાના સ્વપ્નની સૃષ્ટિ હાંસલ થયા પછી પોતાની શક્તિનો શાંત પ્રકાશ ફેલાવતાં પહેલાં જ તે આ જગત છોડી ગયા.

જનાબ ઝીણાને ઈશ્વરે એવી પ્રતિભા આપી હતી ને ઇતિહાસે પણ એવી મહાન તકો તેમની આગળ લાવી મૂકી હતી કે તેનો ઉપયોગ જો સારા ય દેશના ભલા માટે થયો હોત તો આજ માત્ર ૮ કરોડ લોકોનાં જ નહિ પણ ૪૦ કરોડ માનવીનાં મસ્તક એમની કબર પર ઝૂકતા હોત. પણ તેમણે તો કોઈ પણ જાતનો ભોગ આપ્યા સિવાય, કેવળ પોતાના કોમ પૂરતી ટૂંકી દૃષ્ટિ રાખીને અને એ રીતે બ્રિટિશ સરકારના હાથા બનીને ઐતિહાસિક બલાબલનો ક્રૂર લાભ લઇને અને ધર્મઝનૂની તત્ત્વોને ઉશ્કેરી પાકિસ્તાન મેળવ્યું. એ રીતે તેમણે પોતાની સળગતી મહત્ત્વાકાંક્ષાને શાંત તો કરી પણ તે સારાય દેશને સળગતો કરી ગઈ. આમ એક મહાન હિંદીએ મહાન હિંદનું દેહચ્છેદન કરાવ્યું જે ભવિષ્યની પ્રજા ઊંડા વિષાદ સાથે જ વાંચશે.

ઝીણા

ઝીણાનો તાપ હમેશાં ભારે હતો. એ ફક્કડ પણ ખરા ને અક્કડ પણ ખરા. એનાં કપડાં જેવાં સુંદર બીજું કોઈ પહેરતું નહિ. એના વાળ સદાય ઓળેલા સફાઈબંધ. એના અભિનય નાટકી ને રોફીલા. એની અંગ્રેજી બોલવાની રીત ફક્કડ અને સચોટ. એનાં ઉચ્ચારણો હમેશાં ભારવાળાં–તેમાં તૉર પણ ખરો, કોઈક વાર વ્યાકરણ પણ ખોટું આવી જાય, પણ બોલવાની છટા હમેશાં કરમાયા વિનાની.

એ આવી કૉર્ટમાં બેસે, જાણે છબી પડાવવા. એ ઊભા રહી, કેડે હાથ દઇને કૉર્ટને સંબોધે તે નાટકી છટાથી. એની અક્કડાઇનો પાર નહિ. મિજાજ તો જરાજરામાં ડોકિયાં કરે. એનું સ્વમાન બહુ સુંવાળું, તે જરાજરામાં ઘવાઇ જાય. સૉલિસિટરને એ થરથરાટ ધ્રુજાવે.

પણ એ હસે ત્યારે સામાનું હૃદય તરત જીતે. નિર્ભયતા પણ એનો પ્રધાન ગુણ. એની અક્કડાઇ દુર્ભેદ્ય મોટામોટા ન્યાયાધીશોને એ દબડાવે. કોઈ જરાક અયોગ્ય કહે કે તરત સામો ફટકો લગાવે.

ઝીણા, કાયદા કરતાં સામાની ત્રુટીઓ પકડી પાડવામાં વધારે નિપુણ. એ વાટ જોયા કરે, હિંમતથી હાંકયા કરે; સામો ઍડવોકેટ જરી ભૂલ કરે કે એ શેર થઇ જાય, પોતાનો મુદ્દો ઠોકી બેસાડે ને છટાથી કે હસીને કે આંજીને ન્યાયાધીશ પાસે ધાર્યું કામ કરાવી લે.

મારા પર એને ઘણો સદ્ભાવ હતો. હું 'હોમરુલ લીગ'નો મંત્રી થયો ત્યારે તે પ્રમુખ હતા. આથી અમારો સંબંધ વધુ ગાઢ થયો. પણ ... મૈત્રીમાંથી અંગત સંબંધનાં તત્ત્વો એ નિતારી નાખતા. ગમે તેવો પરિચય કેળવાય તો પણ એ કદી પોતાની અંગત વાત કરે નહિ ને મિત્રને એવી વાત કરવાની તક આપે નહિ. શક્તિની એમની ભાવના દુર્ભેદ્યતા પર રચાઈ હતી.

એક દહાડો એક કૉન્ફરન્સ પછી અમે બંને આડીતેડી વાતો કરતા બેઠા હતા. એ વખતે એના પર કૌટુંબિક આફતનાં વાદળ ઝઝૂમતાં હતાં. મેં પૂછ્યું, 'ઝીણા, તમારી તબિયત ઠીક નથી?' એણે એની છટાભરી ટેવથી કપાળ પર આવેલા વાળ ઊંચા કર્યાં ને કહ્યું: 'મુનશી, તમને ખબર નથી કે મારા પર શી વીતે છે!' પછી એણે હોઠ બીડી દીધા ને અંતરની વ્યથા પર તરત પડદો પાડી દીધો.

(સીધાં ચઢાણ)

—કનૈયાલાલ મુનશી

વાર્તા

નારણ મોચીએ વાળેલું વટક

★

નારણ મોચીએ એક રૂપિયાનું પરચુરણ લીધું. તેમાંથી બે પૈસાનું એક પોસ્ટ કાર્ડ ખરીદીને બાકીના સાડા પંદર આના કાળજીથી પોતે જ સીવેલી ચામડાની કોથળીમાં ભરીને મૂકી દીધા. પોસ્ટ કાર્ડ લઇને તે લાલચંદ મોદીની દુકાને આવ્યો.

'શેઠ, આ એક પત્તું જરાક લખી આપજોને !' હાથમાં પોસ્ટ-કાર્ડ ધરીને તેણે મોદીને કહ્યું.

'તું યે, નારણિયા, સાવ નવરો લાગે છે. જોતો નથી આ બીડીઓ વાળું છું તે ? ડબલામાં બીડીઓ નથી ને ઘરાક પાછાં જાય છે. આવે ટાણે પત્તાં લખવાની નવરાશ હોય ? સાંજકનો આવજે, સાંજકનો.' મોદીએ ઊંચું જોયા વગર જ બીડીઓ વાળતાંવાળતાં જવાબ આપ્યો.

'પણ ટપાલી આવ્યો છે તે આજ ને આજ લેતો જાય, ભાઇ સાહેબ ! બે લીટી લખતાં શી વાર લાગશે ? તમે જોડાને ટાંકા-ટેભો કરાવવા આવો છો ત્યારે હું ઊભાંઊભાં નથી કરી દેતો ? આટલું લગરીક કામ કરી આપો. ભણેલાને કહેવાય, કોઈ અભણને કહેવાય છે ?' નારણ મોચીએ ફરી વિનતિ કરી જોઈ.

'તે જોડા તારી પાસે સીવડાવ્યા હોય એને તું ટાંકાટેભા કરી દે એમાં કંઈ ભાઈસાબી કર છો ? જોડાના પૈસા ખણખણતા લઇને પછી બાર મહીના તારે જોડા ફાટે ત્યારે સાંધવા પડે એ આકરું લાગતું હશે ! પત્તું તો તારે મફતમાં લખાવવું છે; અને વળી હાલઘડી લખી દો એવી જક કરતાં શરમાતો નથી ? લે, જો, આ ટપાલી તો પાછો ચાલ્યો. તારું પત્તું આજ ને આજ જાય એમ નથી એ તો મેં તને પહેલેથી જ કહ્યું નહોતું ? ઠીક, હવે લાવ. મારે તો અટાણે લખવું ને સાંજે લખવું. વળી સાંજે પાછો માથું ખાઈશ, તે કરતાં લાવને અટાણે જ પતાવી દઉં. મુંબઈ ભીખલાને લખવું હશે ?' મોદીએ આખરે પત્તું લખી આપવાની તૈયારી બતાવી.

નારણે મોદીના હાથમાં પત્તું આપ્યું. મોદીએ ખોખામાંથી એક અત્યંત મેલી ચોપડી કાઢી તેના પર પત્તું ગોઠવ્યું ને ખડિયામાં હોલ્ડર બોળી કહ્યું, 'ઝટ બોલી નાખ શું લખવું છે ? કોને લખવું છે ?'

'લખવું તો ભીખાને જ હોયને ? લખો. અહીં અમે ખુશીમજામાં છીએ. અમારી કંઈ ફિકરચિંતા કરતો નહિ. તારી બાને હમણાં તરીઓ તાવ આવે છે. ખડ વાઢવા જવાતું નથી. હાડીએ પણ કોઇ બરકતું નથી. જોડાની મોસમ પણ મોળી છે. દાણા થઈ રહ્યા છે. આ કાગળને તારની જેમ વાંચજે. રૂપિયા પંદરનું મનીઆડર કાગળ વાંચીને તુરત કરજે. આઠ દિમાં તારું મનીઆડર નહિ આવે તો અમે દાણા વગર રહેશું. શરીર સંભાળીને રહેજે. ખુશીખબરનો કાગળ લખજે. બસ, બીજું શું લખવાનું હોય ?' નારણે કાગળ લખાવ્યો.

'લ્યો, લખાઇ ગયો. લાવ સરનામું.' મોદીએ કહ્યું.

નારણે ખિસ્સામાંથી દસ ઘડી વાળેલો સરનામાનો કાગળ કાઢ્યો. મોદીએ ઘડીઓ ખોલી સરનામું વાંચીને તે પાછો આપ્યો અને પછી પત્તા પર સરનામું કરીને કાગળ નારણને આપ્યો. નારણ તુરત જ ટપાલની પેટીમાં કાગળ નાખી આવ્યો.

દસ દિવસ થયા પણ કાગળનો કંઇ જવાબ આવ્યો નહિ એટલે મોચીએ પરચુરણની કોથળીમાંથી બીજા બે પૈસા કાઢી પોસ્ટ કાર્ડ ખરીદીને વળી મોદી પાસે લખાવ્યું. બીજા દસ દિવસ થયા, પણ જવાબ આવ્યો નહિ ત્યારે નારણે ત્રીજું પત્તું લખાવ્યું. ત્રીજા દસ દિવસ વીત્યા—એક મહિનો થયો, પણ એક પણ લીટી ભીખા તરફથી લખાઇને આવી નહિ ત્યારે નારણ ચોથું પત્તું લખાવીને ટપાલમાં નાખવા ઊપડયો.

નારણનું ઘર ને મોદીની દુકાન ગામના પાદરને છેડે હતાં. ટપાલ પેટી ગામને બીજે છેડે રહેતી. રસ્તામાં ચોરો આવતો હતો. ચોરાનાં પગથિયાં પર નારણે એક કણબીના છોકરાને બેઠેલો જોયો. નારણને થયું, આ છોકરો ભણેલો છે. લાવને તેને પત્તું વંચાવી જોઉં. મોદીને બરાબર લખતાં આવડતું હશે કે નહિ ? જવાબ કેમ નથી આવતો ?

'એલા બાવકા, આ પત્તું વાંચી દેને. જો તો એમાં બરાબર લખ્યું છેને ?' નારણે છોકરાને પત્તું આપી કહ્યું.

બાવકાએ પત્તું હાથમાં લઈ નજર ફેરવી: 'પત્તું તો બહુ સરસ લખ્યું છે. મોતીના દાણા જેવા અક્ષર છે. સ્વસ્તિશ્રી મુંબઈ મધ્યે ચિરંજીવી ભાઈ નાનચંદને ઈશ્વર દીર્ઘાયુષ્ય આપે. અહીં હમણાં વરસાદ ઓછો છે. દુકાનમાં ઘરાકી મોળી છે. કણબીઓ હમણાં હાથે બીડીઓ વાળતાં શીખ્યા છે. રોકડ વકરો તો જરા ય નથી. સાંજ પડયે ચાર છ આનાનો ઉધાર વકરો થાય છે, તે પણ દીવાળી સુધી તો પૈસા ભાળવાની વાત નહિ. માટે આ કાગળ તારની જેમ વાંચજે. તેને અગાઉ ત્રણ પોસ્ટકાર્ડ લખ્યાં તોપણ તારા તરફથી કોઈ કાગળ નથી. હવે વગર ઢીલે રૂપિયા પંદરનું મનીઆડર કરજે. શરીર સાચવીને રહેજે, તારો પગાર વધવાનો હતો તેનું શું થયું ? લી. બાપા લાલચંદના આશિર્વાદ.'

કાગળ વાંચતો ગયો તેમ નારણ મોચીને અંગે અગ્નિ ઊઠતી ગઈ.

બાવકાએ સરનામું પણ વાંચી સંભળાવ્યું: 'મુ. મુંબઈ બંદર. મોદી નાનચંદ લાલચંદને પહોંચે......' નારણ મોચીએ પત્તું આંચકી લીધું: 'બસ બસ હવે. એ વાંચીને શું કરવું છે ?'

પત્તું લઈને તે ધૂંઆંફૂંઆં થતો આગળ ચાલ્યો. બાવકો સમજ્યો કે લાલચંદ મોદીએ પોતાનો કાગળ ટપાલમાં નાખી આવવાનું ચીંધ્યું હશે. પારકો કાગળ વંચાવીને વળી પાછો આમ નસકોરાં ફુલાવતો તે ચાલ્યો ગયો તેનો ભેદ એને સમજાયો નહિ.

ભાન વગરના માણસની માફક યંત્રવત્ નારણે પત્તું ટપાલમાં નાખ્યું. આગલાં ત્રણ પત્તાં ટપાલમાં નાખ્યાં ત્યારે તેના દેહમાં જે ઝણઝણાટી થતી અને કલ્પના મુંબઇ સુધી ઊડીને પાછી આવતી તે ઝણઝણાટી અને તે કલ્પના આ વખતે આવ્યાં નહિ. પરંતુ જ્યારે કાગળ ટપ દઇને ખાલી પેટીમાં પડયો ત્યારે તેને થયું. હું યે કેવો મૂરખ ! લાલચંદની લુચ્ચાઈ જાણ્યા પછી પણ કાગળ ટપાલમાં નાખ્યો ! હવે કોઇને વાત કરું તોપણ શેના ગાને ?'

ગમગીન ચહેરે તે ઘેર પાછો ફર્યો. રસ્તામાં મોદીની દુકાન આવી. 'કેમ, કાગળ ટપાલમાં નાખી આવ્યો ?' મોદીએ પૂછ્યું.

'શેનો કાગળ? કયો કાગળ? હા, હા. ભૂલ્યો માં. કાગળ તો ટપાલમાં નાખવા ગયો હતો તે નાખી આ[illegible] જ ને ? પણ મારો કાગળ ટપાલમાં નાખું કે ખાડમાં નાખું એમાં તારે શી પંચાત ?' નારણે સંયમપૂર્વક થોડો ઊભરો ઠાલવ્યો અને પોતાના ઘર તરફ ચાલ્યો ગયો.

લાલચંદને થયું કે કંઇક ગોટાળો થયો હોવો જોઇએ. પણ ચોળીને ચીકણું કરવામાં સાર નહિ એમ વિચારી તે કંઈ બોલ્યો નહિ.

નારણ ઘેર પહોંચ્યો પરંતુ જેવો તે જોડા શીવવાના તેના હમેશના ઓટલા પર બેઠો કે તરત જ તેના માથામાં કોઇએ જાણે કાંકરા ભર્યા હોય તેમ દુઃખ થવા લાગ્યું.

'અરે રે, રામરામ, રામરામ. બે પૈસાની મામલતમાં આટલો

મોટા વશ્વાસઘાત! વાણિયા શું આવા નીચ અને નફ્ટ હશે ?' તેના મગજમાંથી લાલચંદ ખસતો નહોતો.

જોડા શીવવાનું હાથમાં લીધું. રાંપીથી ચામડું કાપતાં તેને થયું: 'આ રાંપીથી આમ જ લાલચંદની ચામડી વેતરી નાખવી જોઇએ!' જોડામાં કાણાં પાડવા આર થોંકાવતાં તેને થયું: 'લાલચંદની હથેળીમાં આમ જ આર ઘોંકાવી દીધી હોય તો!'

'વશ્વાસઘાત કર્યો! એક પણ કાગળ ભીખા પર લખ્યો નહિ! બે આનાનાં પત્તાં ખાઈ ગયો! અને હરામીએ એ પત્તાં મારે હાથે જ ટપાલમાં નખાવ્યાં! બે આના! બે આના!! એ બે આનાનું વટક તો ગમે તેમ વાળવું જોઇએ. પણ વાણિયો લાગમાં કેમ આવે?'

કામ અને વિચારો વચ્ચે જેમતેમ દિવસ પૂરો થયો. પરંતુ રાત્રે નારણને ઊંઘ આવી નહિ. 'અરે આ લાલચંદિયો મને ઘડીકે જંપવા નહિ દે. લાલચંદ, લાલચંદ, તેં બહુ બૂરી કરી. પણ જો તો ખરો. ગમે તેમ કરી મારા બે આના પાછા ઓકાવું નહિ તો મારી મૂછ મુંડાવી નાખું—મારું નામ ફેરવી નાખું.' નારણના મગજમાં વિચારની રેલ દોડતી જ રહી.

અધરાત ભાંગી તોય નારણને ઊંઘ આવી નહિ. તેને એકદમ ફ્ફેલ દેખાયો. તે પથારીમાંથી ઊભો થયો. આર લઇને તે લાલચંદની દુકાન તરફ ચાલ્યો.

મેઘલી રાત જામી હતી. ઝીણોઝીણો વરસાદ વરસતો હતો. પાદરના માંદણામાં દેડકાંનો દેકારો બોલતો હતો. સિવાય બધું સૂમસામ હતું. શેરીમાં કોઇ કૂતરું યે ભસ્યું નહિ.


તે લાલચંદની દુકાને પહોંચ્યો. તાળામાં આર ઘોંકાવી જરાક ફેરવી ત્યાં લાલચંદનું આલસાલ જેવું તાળું ઊઘડી ગયું. દુકાન ઉઘાડી તે અંદર પેઠો. અંધારામાં ફાંફાં મારી તેણે ગલ્લો શોધી કાઢ્યો. ગલ્લામાં હાથ ફંફોળતાં તેમાં થોડું પરચુરણ હતું તે આંગળીઓમાં અથડાયું. તે પરચુરણમાંથી, આંગળીઓ ફેરવીને ચોરસ આકારની ખાતરી કરીને તેણે એક બેઆની ઉપાડી લીધી અને તુરત દુકાનમાંથી બહાર નીકળી, બારણાની સાંકળ વાસી, તાળું ઠાલું લટકાવીને ઘેર ચાલ્યો ગયો.

હવે નારણને હૈયા પરથી જાણે કે મોટો બોજો ઊતરી ગયો હોય તેમ લાગ્યું. તે પથારીમાં પડ્યો કે તુરત જ ઘસઘસાટ ઊંઘ આવી ગઈ.

શામજી લ. આલગિયા

માસમાસની વનસ્પતિવિશેષનો પરિચય આપતી લેખમાળા [૨૦]

લેખક: **જયંતીલાલ ઓઝા** એમ.એસસી.



કદંબ

કદંબના વૃક્ષનું નામ લેતાંવાર ભગવાન શ્રીકૃષ્ણના વ્રજના દિવસોનું સ્મરણ થવાનું. કૃષ્ણ વ્રજમાં કદંબના વૃક્ષ પર બેસી બંસરી વગાડતા અને ગોવાળીઆ સાથે આનંદ કરતા તથા તેનાં પાનમાં કૃષ્ણે દહીંમાખણ ખાધાં હતાં. એવા અનેક ઉલ્લેખ કથાઓમાં છે. મહાકવિ કાલિદાસે પણ "सीमन्ते च त्वदुपगमजं यत्र नीपं वधूनाम्" એ રીતે મેઘદૂતમાં તેનું સુંદર વર્ણન કર્યું છે.

હિંદુઓ તેમજ બૌદ્ધો કદંબને પવિત્ર વૃક્ષ ગણતા હોવાથી તે ઘણી વખત દેવમંદિરોની આસપાસ ઉગાડવામાં આવે છે. કદંબના બીજમાંથી બોધિવૃક્ષ ઉત્પન્ન થયાની અને પળવારમાં તે ખૂબ મોટું થયાની માન્યતા બૌદ્ધોમાં પ્રચલિત છે.

કદંબને હિંદી તેમજ મરાઠીમાં કદંબ અને સંસ્કૃતમાં નીપ તેમજ કદંબ કહે છે. આયુર્વેદના સંસ્કૃત ગ્રંથોમાં ધારાકદંબ, ધૂલિકદંબ, ભૂમિકદંબ, રાજકદંબ, નીપ, એવી કદંબની જુદીજુદી જાતો વર્ણવેલી છે. એનું શાસ્ત્રીય નામ 'ઍન્થોકેફેલસ કદંબા' (Anthocephalus Cadamba, Mig).

હિંદ ઉપરાંત સિલોન, મલાક્કા, સુમાત્રા બોર્નિઓ તેનાં ઉત્પત્તિસ્થાન. તેનાં સુવાસિત ફૂલો માટે તે હિંદભરમાં ઉગાડાય છે.

કદંબનું વૃક્ષ ખૂબ મોટું થાય છે. તેનું થડ ૩૦ ફીટ સીધું ઊંચુ ઊગે છે અને તેની શાખાઓ ફેલાય પણ ખૂબ છે. કૂમળી શાખાઓ રૂવાંટીવાળી હોય છે. શાખાઓ પર સામસામાં ગોઠવાએલાં તેનાં પાન દાંડીવાળાં, જાડાં, લીસાં, ઉપરની બાજુએ ચળકાટવાળાં અને નીચેની બાજુએ સહેજ રૂંવાટીવાળાં, પથી ૮ ઇંચ લાંબાં અને ૨$\frac{3}{4}$ થી ૪ ઇંચ પહોળાં, તળિયે ગોળ અગર હૃદયાકાર અને ટોચે અણીદાર હોય છે. વળી પાનને અણીવાળાં બે ઉપપાન પણ હોય છે.

નવેમ્બરથી ફેબ્રુઆરી દરમ્યાન કદંબનાં ફૂલો થાય છે. જુલાઈ—ઑગસ્ટમાં પણ તેને ફૂલો થતાં જોવામાં આવે છે. તેનાં ફૂલો નારંગી અગર સોનેરી પીળાં, સુંદર અને સુવાસિત હોય છે અને રાત્રે તો ખૂબ મ્હેકી ઊઠે છે. એ સુંદર ફૂલો નાનાં અને શાખાઓને છેડે નાની મજબૂત દાંડી ઉપર ૧થી ૧$\frac{3}{4}$ ઇંચ વ્યાસના ગોળ દડામાં ગોઠવાએલાં હોય છે. ફૂલોના દડા શરૂઆતમાં લીલા હોય છે, પરંતુ પાછળથી સોનેરી પીળા બને છે.

તેનાં ફળ નાની નારંગી જેવાં ગોળ, અને પાકાં થાય ત્યારે પીળાં હોય છે. તે થોડાં બીવાળાં અનેક નાનાં ફળોનાં બનેલાં હોય છે.

કદંબનાં સુંદર અને સુવાસિત ફૂલો સ્ત્રીઓને ખૂબ જ પ્રિય હોઈ તે અંબોડામાં ખૂબ નંખાતાં. આથી સંસ્કૃત સાહિત્યકારોએ તેને લલનાપ્રિય નામ આપેલું છે.

આયુર્વેદમાં પણ કદંબના ઉપયોગ થાય છે. તેની છાલ તીખી, કડવી, તૂરી, શીતળ અને ખારી હોય છે અને તેનો ઉપયોગ ગર્ભાશય તેમજ લોહીનાં દર્દો, વાત, કફ, દાહ વગેરેમાં થાય છે. તે શક્તિવર્ધક અને જ્વરનાશક ગણાય છે. કોંકણમાં એ છાલનો તાજો રસ નાનાં બાળકોને જીરા અને સાકર સાથે જઠરના વમળાટમાં પાવામાં આવે છે. આંખના સોજા પર તેની છાલનો તાજો રસ સરખે ભાગે લીંબુના રસ, અફીણ અને ફટકડી સાથે આંખની આજુબાજુ લગાડાય છે. ટૅંગકિંગમાં એ છાલનો ઉપયોગ કફ અને તાવમાં થાય છે. કદંબનાં પાનનો ઉકાળો મોંના રોગોમાં કોગળા કરવામાં વપરાય છે. તેનાં ફળ શીત અને જ્વરનાશક છે. કદંબના અંકુર તૂરા હોય છે અને તે અરૂચિ, રક્તપિત્ત અને અતિસારને મટાડે છે.

ચરકે તો સર્પદંશમાં પણ કદંબની છાલનો ઉપયોગસૂચવ્યો છે; પણ આધુનિક નિષ્ણાતો કાયસ અને મ્હસ્કરના મત પ્રમાણે તે સર્પના ઝેર સામે બીનઅસરકારક છે.

નાનું બાળક પણ આજે જેને ઓળખે છે તે, આપણા રોજિંદા જીવનમાં વ્યાપક ને મહત્ત્વની ઘરઘરની ઉપયોગી ધાતુ ઍલ્યુમીનિયમ

લેખક
ડૉ. નરસિંહ મૂ. શાહ., એમ. એસસી., પીએચ. ડી.

ઉદ્યોગો તથા અન્ય વ્યવહારુ ઉપયોગોમાં અગત્યની નીવડેલી બીજી હલકી ધાતુ ઍલ્યુમીનિયમ તો આપણા રોજિંદા જીવનમાં ખૂબ વ્યાપક ને મહત્ત્વની બની ચૂકી છે. સમગ્ર આધુનિક ધાતુઓમાં ઍલ્યુમીનિયમ અત્યંત અગત્યની છે અને તેનો ઉપયોગ દિન પર દિન વધતો જાય છે. યુદ્ધકાળમાં આ ધાતુ ચાવી રૂપ ગણાય છે; અને શાંતિના સમયમાં તે આપણા જીવનના મોટા વિસ્તારમાં ઉપયોગી સાધનસામગ્રી પૂરી પાડે છે, એવી એની મહત્તા છે.

ઍલ્યુમીનિયમ સર્વત્ર મળી આવતી ધાતુઓ પૈકી એક છે. પૃથ્વીના પેટાળમાંથી મળી આવતાં સર્વવ્યાપી મૂળતત્ત્વોમાં પહેલાં બે ઑક્સિજન અને સિલિકોન પછી ત્રીજો જ નંબર ઍલ્યુમીનિયમનો આવે છે, એટલું વિસ્તૃત તેનું અસ્તિત્વ છે. માટી, સ્લેટ, અબરખ ઈત્યાદિ ઉપયોગી ખનીજોમાં પણ ઍલ્યુમીનિયમ તેના સિલિકેટ રૂપે મળે છે. ફટકડીને રોમન ભાષામાં ઍલ્યુમેન તરીકે ઓળખવામાં આવતી, કેમકે માટીને ગંધકના તેજાબ સાથે ગરમ કરીને પેદા થએલા ઍલ્યુમીનિયમ સલ્ફેટમાં પોટાશિયમ સલ્ફેટ ઉમેરીને ફટકડી બનાવાતી. આ ઉપરથી ઍલ્યુમેનનું તત્ત્વ તે ઍલ્યુમીનિયમ એવું આ ધાતુનું નામ પાડવામાં આવ્યું છે.

લોહ, ત્રાંબું, જસત વગેરે ધાતુઓને તેમના ખનીજોમાંથી કાઢવાની ક્રિયાઓ તો જૂના વખતથી જાણીતી છે. સંસ્કૃતિના વિકાસની સાથે જ આ ઇતિહાસ પણ સંકળાએલો છે. આમ છતાં પૃથ્વીના પડમાં પુષ્કળ પ્રમાણમાં રહેલા આ ઍલ્યુમીનિયમના ખનીજોમાંથી ધાતુ કાઢવાની રીત તો માંડ એક જ સૈકાથી શોધાઈ છે. આજથી ૬૦-૬૫ વર્ષ પર તો આ ધાતુ એક અજાયબીભરી ચીજ તરીકે લેખાતી. એ ધાતુ કાઢવાના પ્રયત્નોની કથા અતિ રસિક છે.

૧૮૦૯માં વિખ્યાત અંગ્રેજ રાસાયનિક સર હમ્ફ્રી ડેવીએ શોધી કાઢ્યું કે ફટકડી ઍલ્યુમીનિયમથી બનેલો પદાર્થ છે. તેમણે તેમાંથી શુદ્ધ ઍલ્યુમીનિયમ ઑકસાઇડ પણ બનાવ્યો. પરંતુ ઑકસાઇડમાંથી તે ધાતુને જુદી કાઢી ન શકયા. સૌપહેલી ૧૮૨૫માં ડેનિશ રાસાયનિક ઑરસ્ટેડે, અને ૧૮૨૫માં મહાન જર્મન રાસાયનિક વોહલરે આ ધાતુ છૂટી પાડવામાં ફતેહ મેળવી. ત્યાર બાદ ફ્રાન્સના રસાયનશાસ્ત્રી હેન્રી સેન્ટ કલેર ડેવીલે શુદ્ધ ઍલ્યુમીનિયમ તૈયાર કર્યું અને ૧૮૭૮માં તો ફ્રાંસમાં ઍલ્યુમીનિયમ કાઢવાનો ઉદ્યોગ પગભર થઇ ગયો. એ કાળે તેની કિંમત, જે શરૂમાં ૧૫૦૦ રૂપિયે રતલ હતી, તેમાંથી રૂા. ૪૦ સુધી આવી ગઈ.

પણ અત્યાર સુધી ઍલ્યુમીનિયમ બનાવવા માટે ઍલ્યુમીનિયમના ક્ષાર(ઍલ્યુમીનિયમ કલોરાઇડ)ને સોડિયમ ધાતુ સાથે ગરમ કરવામાં આવતો. આમ, સોડિયમ ધાતુ એમાં ખૂબ મહત્ત્વની હતી, અને તેની કિંમત પર ઍલ્યુમીનિયમની કિંમતનો આધાર રહેતો. અને સોડિયમ ધાતુ ખૂબ જ મોંઘી રહેતી. એટલે જો ઍલ્યુમીનિયમની કિંમત ઘટાડી તેને વ્યાપક બનાવવું હોય તો સોડિયમ વિના ઍલ્યુમીનિયમ બનાવવાની કોઈ નવી રીત શોધવી જોઇએ.

૧૮૮૩ની વસંત હતી. અમેરિકાની કૉલેજોનાં સત્ર શરૂ થઈ ગયાં હતાં. ઓહાયોની ઑબર્લીન કૉલેજના પ્રોફેસર જેવેટ વિદ્યાર્થીઓ સમક્ષ ઍલ્યુમીનિયમના રસાયનનું વિવરણ કરી રહ્યા હતા. ભાષણ સમેટી લેતાં તેમણે ઉમેર્યું: 'તમારામાંનો કોઈ જો આ ધાતુ સસ્તી રીતે મોટા પાયા પર તૈયાર કરી શકે તો તેમાં ધનના ઢગલા છે.' ચાર્લ્સ માર્ટિન હૉલ નામના એક વિદ્યાર્થીએ પોતાની બાજુમાં બેઠેલા વિદ્યાર્થીને ધોંકો માર્યો અને તેના કાનમાં ગણગણ્યો: 'હું એ ધાતુની પાછળ મંડવાનો છું.' અને......રાસાયનિક સંશોધનમાં અનેક અદ્‌ભુત સિદ્ધિઓમાંની એકની આમ શરૂઆત થઈ.

હૉલે પોતાના ઘરના માળિયામાં હાથે બનાવેલી બૅટરીઓ વડે કામ શરૂ કર્યું, અને ત્રણ વર્ષની જહેમતને અંતે દુનિયાના મહાન રાસાયનિકો જે નહોતા કરી શકયા તે કરવામાં એ યુવાન વિદ્યાર્થી સફળ થયો. તેણે બૉકસાઇટમાંથી ઍલ્યુમીનિયમ જુદું પાડયું.

૧૮૫૨ની સાલની અજાયબી ને ૧૮૭૮ની સાલની કિંમતી ધાતુ ઍલ્યુમિનિયમ આજે જે આપણા રોજ-બ-રોજના ઉપયોગની એક સાવ સામાન્ય ધાતુ બની ગઈ છે એ ઉપરની રીતનો પ્રતાપ છે. છેલ્લા ત્રણચાર દશકામાં તેનું ઉત્પાદન હજારોગણું વધી ગયું છે.

આજ સુધી બૉકસાઈટ સિવાય બીજા કોઈ ખનીજમાંથી ઍલ્યુમીનિયમ કાઢી શકાયું નથી. બૉકસાઈટમાં પણ કેટલીક અશુદ્ધિઓ હોય છે. એટલે તેને વાપરતાં પહેલાં તેમાંથી શુદ્ધ ઍલ્યુમીનિયમ ઑકસાઈડ (ઍલ્યુમિના) બનાવવું પડે છે. આ માટે તેને સોડા સાથે લાલચોળ બને ત્યાં સુધી ગરમીમાં શેકવામાં આવે છે, જેથી તેમાં રહેલો ઍલ્યુમીનિયમ ઑકસાઈડ સોડિયમ ઍલ્યુમિનેઈટમાં રૂપાંતર પામે છે. આ ક્ષાર પાણીમાં દ્રાવ્ય છે, એટલે અશુદ્ધિઓમાંથી તેને ગળી લેવામાં આવે છે, અને એ દ્રાવણમાં કાર્બન ડાયૉકસાઈડ વાયુ છોડવાથી શુદ્ધ ઍલ્યુમીનિયમ હાઇડ્રોકસાઇડ છૂટો પડે છે. હાઇડ્રોકસાઈડ કાઢી લીધા પછી રહેલું દ્રાવણ પણ ખપનું હોય છે કારણકે તેમાં સોડા હોય છે. પછી હાઈડ્રોકસાઈડને ગરમ કરવાથી પાણી નીકળી જાય છે અને શુદ્ધ ઍલ્યુમીનિયમ ઑકસાઇડ—ઍલ્યુમીના બને છે. પછી તેને ગરમ ક્રાયોલાઇટમાં ઓગાળવામાં આવે છે અને કાર્બનના વિદ્યુત્ કીલ (ઇલેકટ્રોડ) વાપરીને તેનું વિદ્યુત્-પૃથક્કરણ કરવાથી ઍલ્યુમીનિયમ ધાતુ છૂટી પડે છે.

ઍલ્યુમીનિયમના ઉપયોગ તો સાર્વત્રિક છે. ટાઈપરાઇટરની નાની ફ્રેમથી માંડીને એરોપ્લેનના જુદાજુદા ભાગો સુધી અને રાંધવાનાં મામૂલી વાસણોથી માંડીને ફર્નિચરની નાનીમોટી ચીજોની બનાવટ સુધીમાં આ ધાતુના ઉપયોગો વર્ણનાતીત છે.

ઍલ્યુમીનિયમના વિશિષ્ટ ગુણધર્મ આટલા: તે વજનમાં હલકું, સહેલાઈથી ટીપાઇ શકે એવું, તાર ખેંચી શકાય એવું અને ઝટ કાટ ન ખાય એવું છે. એટલે જે જે વસ્તુની બનાવટમાં એ ગુણોની જરૂર હોય તેમાં એ સહેજે વાપરી શકાય. હવે તો લોઢાને બદલે દરેક ઉદ્યોગમાં પણ આ ધાતુ અને તેની મિશ્ર ધાતુઓ ઓછાવત્તા ઉપયોગમાં આવતી જાય છે. ગજવેલની બનાવટમાં ઑકસિજન કાઢી નાખવા માટે (ડી-ઑકસીડાઈઝર તરીકે) તે વપરાય છે.

બાંધકામમાં પણ લોઢાની જગ્યાએ ઍલ્યુમીનિયમ અને તેની મિશ્ર ધાતુઓ વપરાશે એવો ખ્યાલ થોડાં વર્ષો પૂર્વે કોઇને ભાગ્યે જ હશે. આજે એ સિદ્ધ હકીકત છે. ૧૯૩૪માં ઍલ્યુમીનિયમના

ડબાવાળી ગાડીઓ સૌ પ્રથમ દોડાવવામાં આવી; આજ ટ્રેનો ઉપરાંત બસો, ટ્રામો અને બીજાં વ્યવહારનાં સાધનોની બનાવટમાં પણ પુષ્કળ ઍલ્યુમીનિયમ વપરાવા લાગ્યું છે. અમેરિકામાં પિટ્સબર્ગ પાસે ઍલ્યુમીનિયમ ધાતુ વાપરીને પૂલ પણ બાંધવામાં આવ્યો છે. લોઢાને બદલે આ ધાતુ વાપરવાથી ટ્રસ ઉપરનો ભાર ૭૫૦ ટન ઓછો થઇ ગયો છે એટલે પૂલની જિંદગી ૨૫ વર્ષ વધારે લંબાશે એવી ગણતરી ઇજનેરોએ કરી છે.

ઍલ્યુમીનિયમ પર કેટલાં યે રસાયનો અને વાયુઓની અસર થતી નથી. આથી દારૂ ગાળવામાં અને પેટ્રોલિયમના શુદ્ધીકરણમાં ઍલ્યુમીનિયમનાં વાસણો ને સરંજામ વપરાય છે. સામાન્ય ઉપયોગમાં પણ કલઈનાં પતરાંને બદલે હવે ઍલ્યુમીનિયમનાં પતરાંનો, તથા સીગારેટ, ચૉકલેટ, મિઠાઇ વગેરેને વીંટાળવા માટે પણ ઍલ્યુમીનિયમનાં પાતળાં પતરાંનો ઉપયોગ અબાધિતપણે વધતો જાય છે. વીજળી નાખવાની લાઇનમાં પણ હવે તાંબાને બદલે ઍલ્યુમીનિયમના તાર અને દોરડાં વપરાવા લાગ્યાં છે, ને ઍલ્યુમીનિયમનો બારીક ભૂકો રંગ તરીકે પણ વપરાય છે. આટલા વ્યાપક અને મહત્ત્વના તેના સ્થાનને લીધે તેના ઉદ્યોગનું ભાવી ઉજ્જ્વળ છે.

આપણા દેશમાં ઍલ્યુમીનિયમ દાખલ કરનાર મદ્રાસની એન્જીનીઅરિંગ કૉલેજના પ્રોફેસર સર આલ્ફ્રેડ ચૅટર્ટન હતા. ૧૮૯૧માં તેમણે સરકારને એ બાબતમાં પહેલી દરખાસ્ત મોકલી, ત્યારથી અનેક અરજીઓ ને પ્રયત્ન કર્યા બાદ છેક ૧૮૯૮માં તેમની અરજી મંજૂર થઈ અને સરકારે તેમને પોતાના ખર્ચે કામ ચાલુ રાખવા પરવાનગી આપી. પાછળથી વિચાર કરીને સરકારે તેમને થોડી મદદ આપી મદ્રાસની આર્ટ સ્કૂલમાં કારખાનું કાઢયું અને વાસણો તથા બીજો સામાન તૈયાર કરવા માંડયો. ત્યાર બાદ ૧૯૦૦માં ઇન્ડિયન ઍલ્યુમીનિયમ કંપની ઊભી થઈ અને ચૅટર્ટનનું કામ તેણે લઈ લીધું. પછી તો ધીમેધીમે આખા દેશમાં કારખાનાં ઊભાં થવા લાગ્યાં. પરંતુ એ બધાંય પરદેશથી આયાત થતા ઍલ્યુમીનિયમનાં પતરાં, ચકરડાં ને ગઠ્ઠા પર નભે છે. અત્યાર સુધી હજી એક પણ કારખાનું ખનીજમાંથી ઍલ્યુમીનિયમ કાઢતું નથી.

ઍલ્યુમીનિયમનો ઉદ્યોગ સ્થાપવા માટે (૧) તેનું ખનીજ બૉકસાઇટ અને (૨) સસ્તી વીજળીની ખાસ જરૂર રહે છે આપણા દેશમાં ઘણી જગ્યાએ બૉકસાઇટ સુપ્રાપ્ય છે. મધ્ય હિંદમાં રેવા સંસ્થાનમાંથી સારી જાતનું બૉકસાઈટ નીકળે છે. કોલ્હાપુર રાજ્ય પાસે તથા થાણા જિલ્લામાં તુંગાર હિલ પાસે પણ આ ખનીજનાં પડો માલૂમ પડયાં છે. અને છૂટાછવાયા તેના થરો તો લગભગ ઘણી જગ્યાએથી મળી આવે છે. પરંતુ સસ્તી વીજળી મળે એવી જગ્યાએ આ ખનીજ આવેલા નથી. જોકે બીજા દેશોમાં પણ આવી અનુકૂળ સ્થિતિ હોતી નથી અને બ્રિટન, જર્મની, જાપાન વગેરે ઍલ્યુમીનિયમ પેદા કરતા દેશોમાં પણ બહારથી આયાત કરેલા બૉકસાઇટ પર જ આધાર રાખવો પડે છે. તાતા, માઇસોર વગેરે કંપનીઓ ધોધનાં પાણી દ્વારા સસ્તી વીજળી પણ પેદા કરે છે, એટલે આ દિશામાં વિશેષ ખિલવણીની શકયતાઓ પણ સારીરીતે છે.

ઍલ્યુમીનિયમના વાસણમાં મીઠું રાખવાથી તેમાં કાણાં પડે છે. ઍલ્યુમીનિયમ સહેલાઇથી બળતું નથી; પરંતુ ઑક્સિજનમાં બાળવાથી અતિશય ગરમી છૂટે છે. જે ઑકસાઈડમાંથી ઑક્સિજન સહેલાઇથી છૂટો પાડી તેની ધાતુ ન બનાવી શકાય તેવા ઑકસાઇડનું વિદોહન(reduction) કરવા માટે ઍલ્યુમીનિયમનો ભૂકો વપરાય છે. દાખલા તરીકે લોહભસ્મ અને ઍલ્યુમીનિયમના ભૂકાને બરાબર મિશ્ર કરી મૅગ્નેશિયમની પટી વડે સળગાવવાથી એટલી બધી ગરમી છૂટે છે કે એ ક્રિયામાં લોહભસ્મનો ઑક્સિજન ઍલ્યુમીનિયમ સાથે સંયોજાઈ લોહ ધાતુ રૂપે છૂટું પડે છે. આને થર્માઈટ ક્રિયા કહેવામાં આવે છે અને તેનો ઉપયોગ વેલ્ડિંગમાં (લોખંડના સાંધા કરવામાં) કરવામાં આવે છે.

ઍલ્યુમીનિયમની ઉપયોગી મિશ્ર ધાતુઓમાં મૅગ્નેલિયમનો ઉલ્લેખ પ્રથમ કરીએ. આ મિશ્ર ધાતુમાં ૯૦ ટકા ઍલ્યુમીનિયમ અને ૧૦ ટકા મૅગ્નેશિયમ હોય છે, જે ઍલ્યુમીનિયમ કરતાં પણ હલકી છે. બીજી મિશ્ર ધાતુ ડયુરેલ્યુમિનમાં ૯૪·૪ ટકા ઍલ્યુમીનિયમ, ૦·૯૫ ટકા મૅગ્નેશિયમ, ૪·૫ ટકા ત્રાંબું અને ૦·૭૬ ટકા મૅન્ગેનીઝ હોય છે. એ ડયુરેલ્યુમિનને ૫૨૦ ડિગ્રી ગરમીએ પાણી પાવાથી તેની સખ્તાઇ ખૂબ વધે છે. એરોપ્લેનની બનાવટમાં એ જ ધાતુ વપરાય છે. ત્રાંબા અને ઍલ્યુમીનિયમની મિશ્ર ધાતુઓ ઍલ્યુમીનિયમ બ્રૉન્ઝ તરીકે ઓળખાય છે.

ઍલ્યુમીનિયમનાં વાસણ કાણાં થાય કે તૂટે તો તેને સાંધવાં મુશ્કેલ છે. ત્રાંબા–પિત્તળની ચીજોની પેઠે તેને રેણ કરી શકાતું નથી. પણ હમણાં દિલ્હીની સાયન્ટિફિક અને ઈન્ડસ્ટ્રિયલ સંશોધન કાઉન્સિલના નિયામક સર ભટનાગર અને શ્રી સુંદરરાવે ઍલ્યુમીનિયમ સાંધવા માટે નીચેનું રેવણ (flux) શોધી કાઢયું છે: બૉરૅકસ (ટંકણખાર)—૫૦ ભાગ; પોટૅશિયમ કલોરાઇડ—૨૫ ભાગ; મીઠું —૨૫ ભાગ; ટીટૅનિયમ ડાયૉકસાઈડ—૨·૫ ભાગ; અને સોડિયમ બાઈસલ્ફાઇટ—૧૧·૩ ભાગ. આ બધી વસ્તુઓને મિશ્ર કરીને સાંધા પર મૂકી ૬૦૦ ડિગ્રીએ ગરમ કરવાથી સાંધો મળી જાય છે, અને સાંધવાનું વાસણ ૧/૮ ઇંચ જાડાઈનું હોય ત્યાં સુધી સારું કામ આપે છે.

હવે ઍલ્યુમીનિયમના થોડાક ઉપયોગી ક્ષારો લઇએ. ધરતીના પેટાળમાંથી નીકળતું સ્ફટિક કોરન્ડમ હીરા જેવું કઠણ હોય છે અને તે ઍલ્યુમીનિયમના ઑકસાઇડની જ એક સ્ફટિકમય જાત છે. પૉલિશ કરવામાં તેમજ ગ્રાઈન્ડિંગમાં વપરાતો એમેરી(રેખમાલ) તે ઝીણા દાણાવાળો અશુદ્ધ ઍલ્યુમીનિયમ ઑકસાઇડ જ છે. પારદર્શક કોરન્ડમમાંથી પોખરાજ, નીલમ, માણેક, પન્ના વગેરે જવાહિર બનાવાય છે. ઍલ્યુમીનિયમ ઑકસાઈડને અનુકૂળ રંગ પેદા કરે એવા પદાર્થો સાથે મેળવીને ઑક્સિજન તથા હાઇડ્રોજનની બળતી જ્યોતમાં ગરમ કરવાથી આવાં બનાવટી જવાહિર તૈયાર કરવામાં આવે છે. હવે તો આ કામમાં વીજળીની ભઠ્ઠીનો ઉપયોગ થવા લાગ્યો છે. બૉકસાઇટ અને ચૂનાના સરખા પ્રમાણને ગરમીમાં ઓગાળવાથી બૉકસાઇટ સીમેન્ટ બને છે. આ સીમેન્ટ પર સમુદ્રના પાણીની અસર થતી નથી.

ઍલ્યુમીનિયમને હાઇડ્રોકલોરિક ઍસિડના વાતાવરણમાં બાળવાથી ઍલ્યુમીનિયમ કલોરાઇડ બને છે. આ પદાર્થ કાર્બનિક સંયોજનમાં પુષ્કળ વપરાય છે. તેને હવામાં રાખવાથી ધુમાડા નીકળે છે. નાઇટ્રોજનની હવામાં ઍલ્યુમીનિયમને બાળવાથી તેનો ઍલ્યુમીનિયમ નાઈટ્રાઇડ બને છે. તેને પાણી સાથે ગરમ કરવાથી ઍમોનિયા છૂટો પડે છે.

ઍલ્યુમીનિયમનો જૂનો ક્ષાર ફટકડી છે. માટી, અશુદ્ધ બૉકસાઇટ વગેરે પદાર્થોને સલ્ફ્યુરિક ઍસિડ સાથે ગરમ કરવાથી ઍલ્યુમીનિયમ સલ્ફેટ બને છે અને તેમાં પોટાશિયમ સલ્ફેટ ઉમેરીને રાખવાથી ફટકડીના સ્ફટિકો જુદા પડે છે. ફટકડીના ઘરગથ્થુ ઉપયોગ તો જાણીતા છે. તે રંગવામાં, અશુદ્ધ પાણીને સાફ કરવામાં, કાગળની બનાવટમાં તેમજ દવામાં પણ વપરાય છે.

ગઇકાલનું નંદનવન . . . આજનું રણક્ષેત્ર કાશ્મીર



'દેવોનું નંદનવન', 'કિન્નરોની ક્રીડાભૂમિ', 'પૃથ્વી પરનું સ્વર્ગ', 'હિંદનું સ્વિટ્ઝર્લૅન્ડ' એવી અનેક ઉપમાઓ જેને અપાય છે તે રૂપસુંદર કાશ્મીર હિંદનું એક ગૌરવ લેવા જેવું સૌંદર્યધામ છે. માત્ર હિંદમાંથી જ નહિ પણ દેશદેશથી પ્રવાસીઓ તેના મનોહારી સૌંદર્યનું પાન કરવા આવતા. પણ આજે તો એ દેવોની ભૂમિ પર દાનવોનાં ટોળાંએ ખેદાનમેદાન કરી મૂક્યું છે. કાશ્મીરને જોરતલબીથી જીતી લઇ પાકિસ્તાનમાં ભેળવી દેવાની ઇચ્છાથી પાકિસ્તાને આઝાદ કાશ્મીર સરકારના ઓથા નીચે તાયફાવાળાઓની રખડુ ટોળીઓ, પઠાણો, આફ્રિદીઓ આદિને આધુનિક શસ્ત્રાસ્ત્રો સાથે ગયા વર્ષના ઑક્ટોબર માસમાં મોકલેલા, એટલું જ નહિ પણ પાછળથી તો પોતાનું લશ્કર પણ ત્યાં ઉતારેલું. આ જંગલી લોકોએ કાશ્મીરની નિર્દોષ પ્રજાનાં ખૂન, લૂંટ તથા સ્ત્રીઓનાં અપહરણો, બળાત્કાર આદિ પિશાચીલીલા ત્યાં ખેલવા માંડી. ગામોનાં ગામો જલાવી દેવાયાં. આથી શેખ અબ્દુલ્લાની પ્રજાકીય સરકાર દ્વારા કાશ્મીરના મહારાજાએ કાશ્મીરનું હિંદી સંઘ સાથે જોડાણ કરી મદદ માગતાં હિંદે તાબડતોબ સૈન્ય મોકલી હુમલાખોરોના હુમલાને અટકાવ્યો, એટલું જ નહિ પણ આ એક વરસમાં તેમણે કબજે કરેલો ઘણો મુલક છોડાવ્યો. દરમ્યાન હિંદે આ બાબતમાં પાકીસ્તાનનું પીઠબળ હોવા સામે સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં જઇ ન્યાય મેળવવાનો પ્રયત્ન કર્યો, જેની તપાસ ચાલ્યા કરે છે. આંતરરાષ્ટ્રીય તથા ભૌગોલિક બંને દૃષ્ટિએ કાશ્મીર એવા મોકાને સ્થાને આવેલું છે કે તેના પર જેની સત્તા હોય તેનો ઘણો પ્રભાવ પડી શકે તેમ છે. એવા એ અગત્યના દેશ વિષે આ વિસ્તૃત લેખમાં તેનો વૈવિધ્યવાળો પ્રાચીન ઇતિહાસ, ભૂમિરચના, લોકો, ઉદ્યોગો આદિની અનેકવિધ ઉપયોગી માહિતી આપી છે, જે કાશ્મીરના પ્રશ્નનું હાર્દ સમજવામાં ઉપયોગી થશે.

જેમ સર્વ મનુષ્યો એ ઈશ્વરે જ ઘડેલા હોવા છતાં કેટલાક મનુષ્યોને ઘડવામાં પરમેશ્વરે ખાસ કાળજી લઈ તેમના પર વધુ રહેમ બતાવી હોય એમ આપણને તે મનુષ્યોની પ્રતિભા, સૌંદર્ય તથા બુદ્ધિમત્તા જોતાં લાગે છે, તેમ સૃષ્ટિસૌંદર્ય સર્વ દેશોમાં કુદરતે વેર્યું હોવા છતાં કેટલાક દેશો એવા ભાગ્યશાળી હોય છે કે જેમના પર કુદરતે જાણે પક્ષપાત રાખી મુક્ત હસ્તે સૌંદર્યનો વર્ષાવ કરેલો હોય એમ લાગે છે. એવો એક બડભાગી દેશ તે કાશ્મીર. જેનું ભભકભર્યું સૃષ્ટિસૌંદર્ય જોઇને જ કવિઓએ નંદનવન કેવું હશે એની કલ્પના કરી હોવી જોઇએ, એમ કહેવાય છે તે આ કાશ્મીરને જેણે જોયું છે તે તેને પૃથ્વી પરનું સ્વર્ગ જ ગણાવે છે. ત્યાંની ભૂમિમાં સોનું છે અને પહાડો પર ચાંદી છે એટલું કહેવાથી પણ ત્યાંની કાવ્યમયતાનું ચિત્ર ખડું થાય છે. હિમાચ્છાદિત શિખરવાળા ત્યાંના યોગી જેવા ધ્યાનગંભીર પહાડો, તે પહાડોના ઢોળાવો ઉપર એકબીજાના ખભા પરથી ઊંચી ડોક કરતાં હોય તેવાં માનવીની તીવ્ર મહત્ત્વાકાંક્ષા સમાં સોસો ફીટ ઊંચે જતાં અણીદાર ટોચવાળાં સફેતા આદિ વૃક્ષો, અમૃત જેવું જળ વહન કરતા નાનામોટા આકર્ષક જલસ્રોતો, સ્ફટિક સમાં પાણીથી ભરેલાં અનેક નિર્મળ સરોવરો, તેમાં સ્વસ્થતાથી ફરતી હોડીઓ ને બતકો, તેમાં ખીલેલાં રંગબેરંગી ફૂલો અને પાનો, ત્યાંનો આરોગ્યદાયી શીતળ અને ઉન્માદકારી પવન, દાડમ, અખરોટ, સફરજન, દ્રાક્ષ, બદામ આદિ અનેક સાત્ત્વિક ફળોને મુક્ત હસ્તે લુટાવતી ત્યાંની હરિત વનશ્રી, હિમ-આચ્છાદિત શિખર પર સૂર્યનાં રશ્મિઓ પડવાથી થતી રંગોની મસ્તલીલા, ત્યાંના શાલીમાર ને નિશાત આદિ જગવિખ્યાત બગીચાઓ, બાળકની ચિત્તવૃત્તિ જેવા ત્યાંના ચંચળ મેઘ, આ બધું સ્વર્ગીય વાતાવરણ જોયા-અનુભવ્યા પછી સહજરીતે મુસાફરના મોઢામાંથી પેલા વિખ્યાત ફારસી શબ્દો સરી પડે છે કે: 'અગર ફિરદોસ બ-રૂએ ઝમીન અસ્ત, હમીન અસ્ત, વ હમીન અસ્ત, વ હમીન અસ્ત.' (પૃથ્વીના પટ પર જો સ્વર્ગ હોય તો તે અહીં છે, અહીં છે, અહીં જ છે.)

૮૦,૯૦૦ ચો૦ માઈલ પ્રદેશ ધરાવતું કાશ્મીરનું આ દેશી રાજ્ય વિસ્તારની દૃષ્ટિએ હિંદનું સૌથી મોટું (હૈદ્રાબાદ કરતાં યે મોટું) દેશી રાજ્ય છે. કાશ્મીર અને જમ્મુના નામે ઓળખાતા આ પ્રદેશની રચના કંઈક અંશે ઘણા માળવાળા મકાન જેવી છે. એ મકાનનું બારણું દક્ષિણ તરફ પંજાબના જેલમ, ગુજરાત, સિયાલકોટ, ગુરુદાસપુર આદિ જિલ્લાઓ તરફ પડે છે. કંડીનો સપાટ ઓસરી જેવો પ્રદેશ પસાર કર્યા પછી કાશ્મીરનો પહેલો માળ શરૂ થાય છે. ૮,૦૦૦ ફૂટ ઊંચાઇએ આવેલો આ પ્રદેશ ઓક, દેવદાર, પાઈન આદિ વૃક્ષોને કારણે ઘણો શોભાયમાન લાગે છે. ચિનાબ નદી આ પ્રદેશને વહેરીને વહે છે. આ માળ આપણને પીર-પુંજાલ પર્વત પાસે લઈ જાય છે. ત્યાર પછી શરૂ થાય છે કાશ્મીરની જગવિખ્યાત ખીણ. આજુબાજુ ઊંચા પર્વતોની વચ્ચે પક્ષીના માળા જેવી આવેલી આ ખીણમાં જ કાશ્મીરનું સાચું સૌંદર્ય છુપાએલું પડયું છે. શ્રીનગર શહેર, શાલીમાર





તખ્તે સુલેમાન–શ્રીનગર પાસે આવેલી ટેકરી

તથા નિશાત બાગો, ડાલ સરોવર, જેલમનો વળાંકવાળો વિસ્તાર, વનશ્રીની અપરંપાર શોભા, બધું આ જ, સમુદ્રની સપાટીથી ૫૦૦૦ ફૂટ ઊંચે આવેલી ૮૦ માઇલ લાંબી અને ૨૫ માઈલ પહોળી ખીણમાં આવેલું છે. કાશ્મીરનું સ્વર્ગ તે આ જ. આ ખીણ પછી ફરી ઊંચી-ઊંચી પર્વતમાળાઓ શરૂ થાય છે. ઉત્તરે બાલ્ટિસ્તાન, પૂર્વમાં લદ્દાક, વાયવ્યમાં ગિલગીટ આદિ પ્રદેશ આ પર્વતમાળાઓ વાળા હિમાચ્છાદિત ભાગમાં આવેલો છે. આ વિભાગમાં વસતિ બહુ ઓછી હોઈ તે પ્રદેશ વિષે વિશેષ માહિતી મળતી નથી. સિંધુ નદી આ ઊંચાણવાળા ભાગમાં થઇને જ વહી જાય છે. આ પ્રદેશમાં કારાકોરમ નામનો ઘાટ તો ૧૮,૩૧૭ ફૂટ ઊંચાઇએ આવેલો હોઈ વરસમાં ઉનાળામાં જ ઉપયોગમાં લઈ શકાય છે.

કુલ ૪૦ લાખની વસતિ ધરાવતા કાશ્મીરના આમ તો ૪ વિભાગ પડે છે: સૌથી પહેલો તે કાશ્મીરની ખીણવાળો જેલમનો વિભાગ. કાશ્મીરની મોટા ભાગની વસતિ (૩૦ લાખ) આ જ પ્રદેશમાં વસે છે. તે સમુદ્રની સપાટીથી ૫૦૦૦ ફૂટ ઊંચે છે.

તેની ઉત્તરે આવેલો બીજા નંબરનો લદ્દાકનો વિશાળ ડુંગરાળ વિસ્તાર બાકીના ત્રણે વિભાગોના સંયુક્ત વિસ્તાર કરતાં ય સૌથી મોટો વિભાગ છે, પણ તે સાવ વેરાન છે. તેની વસતિ છે ફક્ત ૪૦ હજાર, જેમાં ૨૦ હજાર બૌદ્ધો અને ૨૦ હજાર મુસલમાનો છે. સમુદ્રની સપાટીથી લગભગ ૧૭ હજાર ફૂટની ઊંચાઇએ આવેલા આ પ્રદેશમાં જ કારાકોરમની ઊંચી પર્વતમાળાઓ આવેલી છે. સંસ્કાર અને ભાષાની દૃષ્ટિએ આ વિભાગ તિબેટને વધુ મળતો આવે છે.

ત્રીજો વિભાગ ગિલગિટનો. હિંદ સાથે રશિયા અને અફઘાનિસ્તાનને જોડનાર આ જિલ્લાનું મહત્ત્વ જાણીને ગયા વિશ્વયુદ્ધ વખતે બ્રિટિશ સરકારે લાંબે પટ્ટે આ પ્રદેશ રાખી લીધો હતો. ૧૭,૭૯૮ ચો૦ માઈલનું ક્ષેત્રફળ ધરાવતા આ પ્રદેશની વસતિ ૧,૧૬,૦૫૭ છે જેમાં બહુમતિ શીઆ પંથી મુસ્લિમોની છે. સમુદ્રની સપાટીથી ઘણે ઊંચે આવેલા આ પહાડી વિસ્તારમાં ગિલગિટ જિલ્લા ઉપરાંત હરા, નાગપુર, યુનીઅલ, ઈશકુમાન, યાસ્વીન, નીલાસ અને કુટનીગીરનાં નાનાં રાજ્યોનો પણ સમાવેશ થાય છે. ગિલગિટની પૂર્વે બાલ્ટીસ્તાનનો પ્રદેશ આવેલો છે જેનો વિસ્તાર ૧૪૦૦૦ ચો૦માઈલ તથા વસતિ ૧૫૦૧૯૮ છે. મોટા ભાગની વસતિ બાલ્ટી મુસલમાનોની છે. સરહદની ટોળીઓએ આ પ્રદેશ પર પણ હુમલો કરીને મોટો ભાગ દાબી રાખ્યો હોવાથી કાશ્મીરના પ્રશ્નમાં આ અગત્યનો પ્રદેશ છે. જે બીજા વિભાગો પર પાકિસ્તાનમાં થઇ પાકિસ્તાનના ટેકાથી પઠાણી ટોળીઓએ હુમલો કર્યો છે તેમાં કાશ્મીરના ત્રણ જિલ્લાઓનો સમાવેશ થાય છે: મુઝફ્ફરાબાદ, પુંચ અને મિરપુર. ૫૦૦૦ ચારસો માઇલનું ક્ષેત્રફળ ધરાવતા આ પ્રદેશની ૯ લાખની વસતિમાં ફક્ત ૧ લાખ હિંદુ-શીખો છે. આ વિભાગના મુસલમાનોનો મોટો ભાગ પાકિસ્તાની પ્રચારની અસર તળે આવેલો છે.


દક્ષિણે આવેલો જમ્મુનો ચોથો વિભાગ સપાટ જેવો જ હોઈ લગભગ દરિયાની સપાટીએ છે. બેનિહાલ ઘાટ મારફત તે કાશ્મીરની ખીણ સાથે જોડાએલો છે. તેની કુલ ૪ લાખની વસતિમાં ૭૩ ટકા હિન્દુ છે જે પંજાબી ભાષા બોલે છે. આમ ચાર વિભાગમાં વહેંચાએલા કાશ્મીરમાં પઠાણ, પંજાબી, કાશ્મીરીઓ, તિબેટીઅન, ગુજર આદિ પચરંગી લોકો વસે છે.

કાશ્મીર મુખ્યત્વે પહાડી પ્રદેશ હોવાને કારણે ત્યાં વાહન-વ્યવહારની ઘણી મુશ્કેલી છે. આખા કાશ્મીરમાં માત્ર જમ્મુ સુધી જ ૨૦ માઇલની રેલવે છે. રાજ્યમાં દાખલ થવાના મુખ્ય રસ્તાઓ ફક્ત બે જ છે: એક રાવળપિંડી થઇને અને બીજો જમ્મુ થઇને. રાવળપિંડીથી શ્રીનગર સુધી એમ ૨૦૦ માઈલ લાંબો રસ્તો જેલમ નદીને કાંઠેકાંઠે જાય છે. ટાંગા અને મોટરો એ રસ્તે જઈ શકે છે. એ રસ્તો અનેક ઠેકાણે ટેકરીઓ તોડીને તૈયાર કરેલો હોવાથી ચોમાસામાં ઘણી વાર જોખમભરેલો છે, કારણ કે મુખ્યત્વે મોટા ગોળ પથરા અને માટીની બનેલી ટેકરીઓ વરસાદથી ભીંજાતાં પોચી બની જાય છે તેથી મોટા પથરાઓ ગબડતા આવીને રસ્તા પર પડે છે અને ગાફેલ મુસાફર અથવા ગાડી તેની નીચે દટાઇ જવાનો ભય રહે છે. પણ આ રીતનો ભય બારામુલ્લા સુધી જ છે. બારામુલ્લા પછી તો રસ્તો ટેનિસ કોર્ટ જેવો સપાટ અને સીધો છે. તેની બે બાજુએ સફેતા વૃક્ષની હારમાળાઓ ઘણી રમણીય છે. બારામુલ્લા આગળ શાંતપણે વહી આવતી જેલમ નદી એકદમ નીચાણમાં પડી ઝપાટાબંધ વહેવા લાગે છે તેથી ત્યાં મોટું વીજળી ઉત્પન્ન કરવાનું કારખાનું બાંધવામાં આવેલું છે. બારામુલ્લાથી કેટલાક લોકો તો હોડીમાં બેસીને પણ શ્રીનગર જાય છે.

પણ જમ્મુ તરફનો રસ્તો પહાડી છે અને ખાસ કરીને બાદશાહ જહાંગીરે તેને વધુ રૂઢ કર્યો હતો. એ રસ્તે મોટર કે ગાડીઓ જઈ શકતી નથી, પણ કેવળ કાશ્મીરનાં ટટ્ટુઓ જ જઈ શકે છે. એ માર્ગ પણ રાવળપિંડીના રસ્તા જેટલો જ લાંબો છે. એ રસ્તે આવતો પીર-



પીર પુંજાલને રસ્તે




જેલમનાં પાણી પર તરતી નૌકાસૃષ્ટિનાં બે દૃશ્યો: ઉપર—નાંગરેલા નૌકાઘરમાં સ્વસ્થ ક્ષણો
નીચે—નૌકા દ્વારા જીવનનિર્વાહ ખેડતા શ્રમજીવી યુગલનું અભિનવ કોણથી દર્શન (બંનેના ચિત્રકાર: કનુ દેસાઇ)

પુંજાલનો પહાડ ઓળંગતાં જ આપણે એકદમ પૃથ્વી પરના સ્વર્ગસમી કાશ્મીરની ખીણમાં આવી પહોંચીએ છીએ. વનસ્પતિથી ઢંકાએલા એ પહાડની તળેટીમાં વેરીનાગ નામનું એક અષ્ટકોણાકાર સ્વચ્છ સરોવર છે. જેલમનું મૂળ એમાં જ છે. આ જ રસ્તે ખનબલ નામનું એક સ્થાન આવે છે જ્યાંથી હોડીઓ મારફત પણ જઈ શકાય છે.


કાશ્મીરમાં અનેક નદીઓ છે—સિંધુ, જેલમ, ચીનાબ, તાવી લિદાર વગેરે. પણ તે સૌમાં કાશ્મીરની ખીણમાં ધીમેધીમે વહેતી જેલમ નદી જ વહાણ ચલાવવા માટે અનુકૂળ છે. જેમ ઈજિપ્તનાં સૌંદર્ય અને વૈભવ નાઇલ નદીને આભારી છે, તેમ કાશ્મીરનું સૌંદર્ય જેલમને આભારી છે. જેલમ એ જ કાશ્મીરનું સર્વસ્વ છે. ઈસ્લામાબાદથી વહેતી શરૂ થએલી જેલમને જાણે કાશ્મીરની ખીણ છોડવી ગમતી જ ન હોય એમ તે એમાં ને એમાં જ આડાઅવળા ખૂબ વળાંક લે છે. એક ઠેકાણે તો તેણે માત્ર એક માઈલ આગળ વધવા માટે ૧૪ માઈલનો વિસ્તાર કર્યો છે. પણ આથી એક મોટો ફાયદો એ થયો છે કે નદીનો મોટો ભાગ વહાણવટા માટે લોકો ઉપયોગમાં લઇ શકે છે.

સિંધુ નદી ઉત્તરતરફના પ્રદેશમાં થઈ ઊંચા પહાડો



પર થઈ વહે છે. કાશ્મીરમાં સરોવરો પણ અનેક છે, પણ તેમાં વૂલર ને ડાલ સરોવર પ્રખ્યાત છે. જેલમ નદી પહોળી થવાથી બનતું વૂલર સરોવર હિંદનું સૌથી મોટું ચોખ્ખા પાણીનું કાયમી સરોવર છે. ૧૨ માઈલ લાંબા અને લગભગ ૬ માઈલ પહોળા આ સરોવરનો વિસ્તાર આમ ૭૮ માઈલ છે, પણ ચોમાસામાં તે વધીને ૧૦૦ માઈલ જેટલો બની જાય છે. આ સરોવરની ઊંડાઇ ક્યાંયે પણ ૧૫ ફૂટ કરતાં વધારે નથી. શ્રીનગરની પાસે આવેલું ડાલ સરોવર તો તેને કાંઠે આવેલા વિખ્યાત બાગોને કારણે પ્રખ્યાત છે.

કાશ્મીરનું જે ભૌગોલિક સ્થાન છે તે રાજકીય તેમજ લશ્કરી દૃષ્ટિએ ઘણું જ અગત્યનું અને મોકાનું છે. હિંદુસ્તાનના મસ્તક સ્થાને વિરાજતા આ પ્રદેશ પર જેનો કાબૂ હોય તે સહેલાઇથી હિંદ તેમજ પાકિસ્તાન પર પોતાનો પ્રભાવ પાડી શકે. હિંદ ને પાકિસ્તાન ઉપરાંત અફઘાનિસ્તાન, રશિયા, ચીન અને તિબેટની સરહદો આ નાનકડા પ્રદેશ પાસે આવેલી છે જેમાં હિંદની ૨૫૦ માઈલની, પાકિસ્તાનની ૩૫૦ માઇલની, અફઘાનિસ્તાનની ૭૫ માઇલની, ચીનના સિક્યાંગ પ્રાંતની ૪૫૦ માઈલની ને તિબેટની ૩૫૦



જેલમને કાંઠે વસેલા શ્રીનગરનું દૃશ્ય

ગાઈની સરહદો છે. આ કારણે આંતરરાષ્ટ્રીય દૃષ્ટિએ કાશ્મીરનું સ્થાન ઘણું જ અગત્યનું બની જાય છે. હિંદને પક્ષે ચોખ્ખો ન્યાય હોવા છતાં બ્રિટન-અમેરિકા તથા યુનોનાં બીજાં રાજ્યો કાશ્મીર પ્રકરણમાં જે તીવ્ર રસ લઈ તેને લંબાવ્યે જાય છે તે આ જ કારણે.

ભારતના ઇતિહાસ તથા સાહિત્યમાં કાશ્મીરે છેક પ્રાચીન કાળથી સ્થાન પ્રાપ્ત કરેલું. તે કાળે 'શારદ દેશ' તરીકે જાણીતા આ પ્રદેશ વિષે કાશ્મીરના પ્રખ્યાત કવિ બિલ્હણે લખેલું કે 'કુંકુમ-કેશર (સૃષ્ટિસૌંદર્ય) અને કાવ્ય-વિલાસ એ સગા ભાઈઓ છે, પણ શારદ દેશ સિવાય બીજે કયાંય મેં તેમને હાથમાં હાથ મિલાવીને ચાલતાં જોયા નથી.' આજે કાશ્મીરમાં કાવ્યનું તો એ અંગ નથી, પરંતુ સૃષ્ટિસૌંદર્યના પ્રતિક સમી કુંકુમ-કેસરની ભભક તો એવી ને એવી જ છે. પુરાણ કથા પ્રમાણે પ્રજાપતિ કાશ્યપનો આશ્રમ આ જ દેશમાં હતો. જ્યારે મહા જલપ્રલય થએલો ત્યારે પ્રાણીઓની રક્ષા માટે કાશ્યપ ઋષિની હોડીએ આ જ દેશના એક ઊંચા શિખર પર આશ્રય લીધેલો. (સરખાવો : બાઇબલમાં આવતી નોહાની હોડીની કથા.) એ શિખર આજે પણ નૌબંધનના નામથી જાણીતું છે અને પીરપુંજલની પર્વતમાળામાં આવેલું છે. અથર્વવેદમાં આ શિખરનો 'નાવ પ્રભ્રંશન' નામથી ઉલ્લેખ મળી આવે છે, જ્યારે શતપથબ્રાહ્મણમાં તેને 'મનોરવસર્પણ'નું નામ આપવામાં આવ્યું છે. આ પર્વતની તળેટીમાં કૌંસર નાગનું સરોવર આવેલું છે જે આજે કૌંસર નાગ કહેવાય છે. એ સરોવર પાસે શ્રી વિષ્ણુએ ચર્મ ન્યાસ સ્થાપન કરેલો એમ કહેવાય છે. શ્રીનગરથી ૩૨ માઇલ દૂર આવેલા 'બારામુલ્લા'ના સ્થાન વિષે તો પુરાણોમાં ઘણી રસિક હકીકત મળી આવે છે. આજે જ્યાં કાશ્મીરની ખીણનો રમણીય પ્રદેશ છે ત્યાં પુરાણ કાળમાં સતીસર નામનું સુદીર્ઘ સરોવર હતું. હરમુખ પર્વત અને પીરપુંજાલ એ બે પર્વતો વચ્ચે ફેલાએલા આ સરોવરમાં મહાસતી પાર્વતી રોજ વિહાર કરવા આવતાં પણ પછી ઘણા રાક્ષસો આ સરોવરમાં ભરાયા, જેથી દેવોએ સતીસરનો નાશ કરવાનું ઠરાવ્યું. ભગવાન કાશ્યપે વિષ્ણુની ઉપાસના કરી અને વિષ્ણુએ સંતુષ્ટ થઈ વરાહનું રૂપ ધારણ કરી પોતાની મજબૂત દાતરડી વડે પહાડમાં ખીણ પાડીને સરોવરનું પાણી બહાર કાઢયું. જે ખીણમાંથી એ પાણી વહેવા લાગ્યું તે ખીણ તે 'વરાહમૂલમ્', જે આજે 'બારામુલ્લા' કહેવાય છે, અને તે વરાહમૂલમમાંથી નદી રૂપે વહેતું પાણી તે વિતસ્થા નદી (આજની જેલમ.) આમ પાણી તો બહાર નીકળવા માંડયું, પણ સરોવરમાં આવીને પડતાં બે ઝરણાં કેમે કર્યાં સરોવરને ખાલી થવા દેતાં ન હતાં. તેથી કાશ્યપે ફરી વિષ્ણુની ઉપાસના કરતાં વિષ્ણુના વાહન ગરુડે બે જંગી કાંકરા લઈ આવી ઉપરથી ફેંક-




કાશ્મીરી હિન્દુ જવાન

ની પેઠે તે ઝરણાના મુખ આગળ નાખી દીધાં. એ જ શ્રીનગર પાસેના આજના હરિ પર્વત અને શંકરાચાર્યની ટેકરી. ભૂસ્તરશાસ્ત્રીઓ કહે છે કે આ પૌરાણિક દંતકથામાં પૂરેપૂરું સત્ય છે. હરમુખ પર્વત અને પીર પુંજાલની ટેકરીઓ પર હજી પણ છીપો ને માછલીનાં હાડકાં મળે છે જે બતાવે છે કે પ્રાચીન કાળમાં ત્યાં પાણી હોવું જોઇએ. તેઓ માને છે કે સતીસર કંઇ નહિ તો ૨,૦૦૦ ફૂટ ઊંડું હોવું જોઇએ.

કાશ્મીરના જુદાજુદા પ્રદેશનાં પ્રાચીન કાળમાં વપરાતાં નામો એ વખતની સંસ્કૃતિ પર સારો એવો પ્રકાશ નાખે છે. કાશ્મીરની ઉત્તરે જે પામીરનો પ્રદેશ છે તે પ્રાચીન સમયમાં કમ્બોજ દેશ કહેવાતો. એ કમ્બોજ અને ભારતવર્ષની વચ્ચેનો રસ્તો વેપાર માટે ઘણો જાણીતો હતો. કાશ્મીરની વાયવ્યે આવેલો દરદ દેશ નામનો પ્રદેશ આ રસ્તાનો મહત્ત્વનો ભાગ હતો. પુરાણ કાળનો એ દરદ દેશ આજે પણ દરદીસ્તાન તરીકે જાણીતો છે. આ દરદીસ્તાનની પૈશાચી બોલીનું મહત્ત્વ ઘણું છે. દરદીસ્તાનની ઉત્તરે આવેલા હુંઝા પ્રદેશનું પ્રાચીન નામ હંસમાર્ગાયન હતું. મધ્ય એશિયાથી હિંદ આવી પાછા જનારા હંસ પક્ષીઓ આ માર્ગે જતા આવતા હોવાથી તેનું એ નામ પડ્યું હોય. કાશ્મીરની પૂર્વે તથા ઉત્તરે આવેલા લદાકના પ્રદેશનું પ્રાચીન નામ લલાટાક્ષ હતું, જેનો ઉલ્લેખ મહાભારતમાં મળી આવે છે એમ વિદ્વાનોનું માનવું છે.

કાશ્મીરના દક્ષિણ ભાગ જમ્મુનું પ્રાચીન નામ દાર્વ હતું. તથા તેની પાસેના



સૌન્દર્યધામ કાશ્મીરનું રળિયામણું રમણક્ષેત્ર નિશાત બાગ

પુંચનું નામ પર્ણોત્સ અને રાજૌરીનું રાજપુરી હતું. એ બંને મળીને આજે હજારા નામે ઓળખાતો પ્રદેશ તે કાળે અભિસાહ કહેવાતો. દરદ દેશમાં થઇને વહેતી સિન્ધુ નદી સંસ્કૃત સાહિત્યમાં 'દારદી સિન્ધુ' કહેવાય છે. વૂલર સરોવરનું પ્રાચીન નામ હતું 'મહાપદ્મસર'. અનુશ્રુતિ પ્રમાણે આ નામ મહાપદ્મ નાગ પરથી પડેલું. આઠમી સદીમાં લખાએલા થાંગ દેશના ઇતિહાસમાં એવો ઉલ્લેખ છે કે જ્યારે ચીન અને કાશ્મીરના રાજાઓમાં પરસ્પર મૈત્રીનો સંબંધ સ્થાપિત થયો ત્યારે આ સરોવરને મહાપદ્મ નામ અપાએલું. નીલમત, જોનરાજ આદિ પ્રાચીન લેખકો આ જ નામનો ઉલ્લેખ કરે છે. પાછળથી તેનું બીજું નામ ઉલ્લોલસર પડ્યું, જેમાંથી અપભ્રંશ થઇને આજનું વુલ્લર નામ પડ્યું છે. વિતસ્થા નદી આ સરોવરમાં એક બાજુથી દાખલ થઇ પશ્ચિમ દિશામાંથી બહાર નીકળે છે.

ઇતિહાસ કહે છે કે સમ્રાટ પ્રિયદર્શી અશોકે કાશ્મીરમાં શ્રીનગરી નામની રાજધાની સ્થાપિત કરેલી. વિદ્વાનોના મત અનુસાર તે નગરી પાણ્ડરેઠન(પુરાણાધિષ્ઠાન) નામના સ્થાન પર હતી. પછી કાલાંતરે આજનું શ્રીનગર એ પ્રાચીન નામે વિખ્યાત બની ગયું. આમ ઐતિહાસિક કાળથી જ નહિ પણ છેક પૌરાણિક અને વૈદિક કાળથી પણ કાશ્મીરનો હિંદ સાથે ઘનિષ્ઠ સંપર્ક હતો.



કાશ્મીરી મુસ્લિમ બુઝર્ગ




નીતર્યાં પહાડોની ગોદમાં, સરોવરોમાં લ્હેરતાં

કાશ્મીરના ઇતિહાસમાં અનેક રાજ્યોનાં ચક્રો ફરી ગયાં છે. અનેક રાજકુળોના હાથમાંથી તે પસાર થયું છે. તેની ભૂમિ પર કેટલા યે સંગ્રામો ખેલાયા છે અને દમનની અનેક ઝડીઓ વરસતી આવી છે. કાશ્મીરનો પ્રાચીન ઈતિહાસ સુસંબદ્ધ રીતે આપણને મહાકવિ કલ્હણને લીધે પ્રાપ્ત થાય છે. કલ્હણ એ તેનું અપભ્રંશ નામ: સાચું સંસ્કૃત નામ તો કલ્યાણ હતું. ૧૨મી સદીમાં થઈ ગએલા આ મહાકવિએ રાજતરંગિણી નામનો એક મોટો ગ્રંથ લખ્યો છે. કલ્હણના પિતા ચંપક, રાજા હર્ષના પ્રધાન હોઈ અત્યંત નિકટવર્તી હતા. આથી કલ્હણને શાસન ને રાજવંશની ઘણી માહિતી હતી. તે સાથે તેણે અગાઉના લેખકોએ મેળવેલી માહિતી ભેગી કરીને રાજતરંગિણી લખ્યું હતું. આ પુસ્તકમાં કુલ ૮ તરંગ છે, જેમાં ક્રમશ: ગોનન્દ વંશ, કરકોટ વંશ, ઉત્પલ વંશ, લોહર વંશ આદિ વંશના રાજાઓની માહિતી છે. કલ્હણનો એ ઇતિહાસ ગોનન્દ રાજાથી શરૂ થાય છે. આ રાજા મગધ દેશના રાજા જરાસંઘનો સંબંધી હતો. તેના પછી તેનો પુત્ર દામોદર કાશ્મીરની ગાદીએ આવ્યો, પણ કૃષ્ણ સાથે લડાઈમાં તે માર્યો ગયો. શ્રીકૃષ્ણે તેના પછી તેની ગર્ભવતી રાણી યશોવતીને રાજ્યનાં સૂત્રો સોંપ્યાં. મહાભારતનું બીજું યુદ્ધ થયું તે વખતે તેનો પુત્ર ગોનન્દ નાનો હોવાથી તેણે યુદ્ધમાં ભાગ લીધો નહોતો. ત્યારપછી લગભગ ૫૦ રાજાઓ કાશ્મીરની ગાદીએ આવ્યા, જેમાં સમ્રાટ અશોક તથા તેના પુત્ર જલૌકનો ઉલ્લેખ મહત્ત્વનો છે. અશોકે શ્રીનગરી વસાવી એટલું જ નહિ, પણ ઈ. સ. પૂર્વે ત્રીજા સૈકામાં બૌદ્ધ વિહારો તથા સ્તૂપો પણ બંધાવ્યા હતા. બાદશાહ ઝૈન-ઉલ આબાદીનના મકબરા પાસે અમુક પુરાણા દરવાજા પર અશોકની બ્રાહ્મી લિપિમાં લખેલા કેટલાક લેખો મળી આવ્યા છે. શ્રીનગરની પાસે આવેલી તખ્તે સુલેમાન નામની એક હજાર ફૂટ ઊંચી ટેકરી પર સૌથી પહેલું બૌદ્ધ મંદિર અશોકના પુત્ર જલૌકે બંધાવ્યું હતું. પાછળથી છઠ્ઠી સદીમાં રાજા ગોપાદિત્યે તેને શિવમંદિરમાં પલટાવ્યું.

ત્યાર પછી હુષ્ક, જુષ્ક અને કનિષ્ક નામના ત્રણ તુરુષ્ક વંશો કાશ્મીરમાં થઈ ગયા. આ રાજાઓ કુશાન વંશના ગણાય છે. એમના નામથી હુષ્કપુર, જુષ્કપુર, અને કનિષ્કપુર નામનાં ત્રણ નગર વસાવવામાં આવ્યાં. આ વંશોએ ૧૨૬૬ વર્ષ સુધી રાજ્ય કર્યા પછી ગોનન્દ ત્રીજાથી બીજો એક વંશ કાશ્મીરમાં શરૂ થયો જેણે ૧૦૦૦ વર્ષ સુધી રાજ્ય કર્યું. એ કાળમાં હૂણોના નેતા મિહિરકુળે પણ કાશ્મીર પર રાજ્ય કર્યાનો ઉલ્લેખ મળે છે.

ત્યાર બાદ બ્રાહ્મણ યુગ શરૂ થયો. ને ઈ. ૬૨૭થી ૮૫૫ સુધી નાગ વંશના બ્રાહ્મણ રાજાઓએ રાજ્ય કર્યું. આ સમયમાં ઘણાં હિન્દુ દેવાલયો બંધાયાં. આ યુગમાં થઈ ગએલા વરસેન નામના પ્રતાપી રાજાએ હરિ પર્વત પાસે એક નવું શહેર બંધાવ્યું અને નદી પર પહેલો જ નૌકાપૂલ બાંધ્યો. પણ ઇ. ૬૯૯થી ૭૩૫ સુધી રાજ્ય કરનાર રાજા લલિતાદિત્ય ઘણો પરાક્રમી રાજા થઇ ગયો. તેના વખતમાં કાશ્મીરની સમૃદ્ધિ ખૂબ જ વધી, એટલું જ નહિ પણ કાશ્મીરનો પ્રભાવ પણ વધ્યો. તે મહાપરાક્રમી રાજાએ તિબેટ તથા પંજાબ જીતીને મધ્ય એશિયા ઉપર પણ આક્રમણ કર્યું અને ચીન દેશમાં પોતાના વકીલો મોકલ્યા. તેણે ઘણી નહેરો પણ બંધાવી. કાશ્મીરનું પ્રખ્યાત સૂર્યમંદિર પણ તેણે જ બંધાવેલું. જાણીતા માર્તંડ મંદિરના ચોકના ચોર્યાશી સ્તંભો પણ એણે જ બનાવરાવ્યા હતા.

નાગવંશ પછી ઉત્પલ વંશે ૮૩૫થી ૯૩૯ સુધી રાજ્ય કર્યું. તે વંશમાં થઈ ગએલા અવંતીવર્માએ અવંતીપુર વસાવેલું. તેણે બંધાવેલી નહેરો જોઈને આજના એન્જિનીઅરો પણ આશ્ચર્ય પામે છે. ઈ. ૯૫૦થી ૧૦૦૩ સુધી રાણી દીદી નામની એક રાણીએ રાજ્ય કર્યું હતું. પણ તેના વખતમાં આંતરિક કલહો ખૂબ વધી ગયા. તે છતાં છેક ૧૩૩૯ સુધી કાશ્મીરમાં હિંદુ રાજાઓનું જ રાજ્ય હતું.



વિશાળ આકાશ, સ્થિર જલપ્રવાહ અને પ્રસન્ન શાન્તિ



જેવું નિસર્ગનું તેવું જ માનવદેહનું સૌન્દર્ય કાશ્મીરમાં બીનઅપવાદ વિસ્તર્યું છે. જંગલમાંથી ચારો લાવતી ગરીબ કુટુંબની સ્ત્રીઓ પણ લાવણ્યવિહોણી નથી હોતી. નીચે: રેશમ જેવું સુંવાળું ઊન આપતાં કાશ્મીરનાં ઘેટાં.

પૃથ્વીરાજ ચૌહાણની હાર પછી ધીમેધીમે મુસલમાનોનું જોર હિંદમાં વધવા માંડ્યું અને ઈ. ૧૩૩૯માં શાહમીર નામના મુસલમાને કાશ્મીરનું રાજ્ય પચાવી પાડ્યું. ગાદીએ આવતાં વેંત જ તેણે દમન, કતલ અને બળજબરીથી મુસલમાન બનાવવાની નીતિ અખત્યાર કરી હિંદુ મંદિરો તોડ્યાં. તેનો પુત્ર સિકંદર પણ એવો જ ધર્માંધ નીકળ્યો. તેણે તો એટલાં બધાં હિંદુ મંદિરો તોડ્યાં કે તે 'મૂર્તિભંજક' તરીકે ઓળખાયો. આ વંશમાં ઈ. ૧૪૨૦થી ૧૪૭૦ સુધી રાજ્ય કરનાર ઝેન-ઉલ-આબાદીન ધર્મસહિષ્ણુ અને ઉદાર હતો. તેણે હિંદુઓનાં કેટલાંક મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવી આપી હિંદુ પંડિતોને રાજ્યાશ્રય પણ આપ્યો હતો.

ઇ. ૧૫૮૯માં અકબરે કાશ્મીર જીતી લીધું ત્યારથી લગભગ ૨૦૦ વર્ષ તે મુઘલ શહેનશાહોના ઉદાર અમલ નીચે ફૂલ્યુંફાલ્યું. કાશ્મીરનું લશ્કરી મહત્ત્વ ધ્યાનમાં લઈ શ્રીનગર પાસેના હરિપર્વત ઉપર અકબરે એક કિલ્લો બંધાવ્યો તથા વિખ્યાત નસીમ બાગ તૈયાર કરાવ્યો. જહાંગીરને તો કાશ્મીર પર અનહદ પ્રેમ હતો. નિશાત બાગ અને શાલીમાર બાગ એ જહાંગીરના શોખનાં અમર સર્જનો છે. તે જ્યારે મૃત્યુશય્યા પર હતો ત્યારે કોઇકે તેને પૂછેલું કે 'આપને કાંઇ જોઇએ છે,' ત્યારે તેણે 'માત્ર કાશ્મીર' એમ કહેતાંકહેતાં પ્રાણ છોડેલા એમ કહેવાય છે. ઔરંગઝેબના વખતમાં જ્યારે મુઘલ સામ્રાજ્ય તૂટવા માંડ્યું ત્યારે કાશ્મીરમાં મુઘલ સત્તા નામની જ રહેલી. તે પછી ૧૭૫૨માં કાશ્મીર પર અફઘાન રાજા અહમદશાહ અબ્દલ્લીએ હુમલો કરીને તે જીતી લીધું. ત્યારથી ૬૦ વર્ષ સુધીના એ અફઘાન અમલ દરમિયાન કાશ્મીરની પ્રજાએ જુલમ અને સિતમનું દોઝખ અનુભવ્યું.

૧૮૧૯માં પંજાબના સિંહ રણજીતસિંહે જમ્મુના ડોગરા રાજા ગુલાબસિંહની સહાયથી કાશ્મીર જીતી લઇ ત્યાંની હિંદુ પ્રજાને એ યાતનામાંથી છોડાવી. પણ દરમ્યાન મોટા ભાગની વસતિ જુલમને કારણે મુસલમાન બની ગઇ હતી. ૧૮૩૯માં રણજીતસિંહનું મૃત્યુ થયા પછી રાજ્યમાં અંધાધૂંધી ફેલાઈ, પણ ગુલાબસિંહે વ્યવસ્થા સ્થાપીને પોતાના સુબાની ત્યાં નિમણૂક કરી. જોકે હવે કાશ્મીરના ખરા માલિક તે જ થઇ ગયા હતા, છતાં હજુ લાહોરના શીખ સરકારનું નામનું પણ સાર્વભૌમત્વ તે સ્વીકારતો હતો. ત્યાર બાદ અંગ્રેજો સાથે શીખોના જે બે વિગ્રહો થયા તેને અંતે ૧૮૪૮ના માર્ચ માસમાં થએલી સુલેહમાં એમ નક્કી થયું કે દોઆબ પ્રાંત ને લડાઈનો સઘળો ખર્ચ શીખોએ આપવો, પરંતુ શીખ મહારાજા પાસે નાણાં નહિ હોવાથી તેણે કાશ્મીર અને હઝારા પ્રાંત અંગ્રેજોને આપ્યા. પણ તે નવા પ્રાંતોનો વહીવટ ચલાવવા તથા રક્ષણ કરવામાં ઘણો ખરચ અને વખત જાય અને ઉપજ ઓછી આવે એમ હોવાથી અંગ્રેજોએ ડોગરા રાજા ગુલાબસિંહને એક કરોડ રૂપિયામાં કાશ્મીરનો પ્રદેશ વેચી દીધો. પરંતુ રક્ષણની દૃષ્ટિએ લાહુલ આદિ પ્રદેશ અંગ્રેજોએ રાખવાથી ૨૫ લાખ રૂપિયા ઓછા લેવાનું ઠર્યું. આમ ઈ. ૧૮૪૭માં કાશ્મીર ડોગરા રજપૂત લોકોના હાથમાં આવ્યું. ગુલાબસિંહ ઘણો બાહોશ માણસ હતો. તેણે થોડા જ વખતમાં એક મજબૂત સૈન્ય ઊભું કરીને રાજ્યમાં વ્યવસ્થા સ્થાપી. તેણે લદ્દાકનો બૌદ્ધધર્મી પ્રદેશ જીતીને કાશ્મીર સાથે જોડી દીધો. તેના પછી ગાદીએ આવેલા પ્રતાપસિંગે ગિલગિટ ઉપર પણ સત્તા જમાવી. ત્યારથી આજ સુધી ત્યાં તેમના જ વંશના લોકો રાજ્ય કરતા. પછી ૧૯૨૫થી હાલના રાજા હરિસિંગ ત્યાં રાજ્ય કરતા હતા. પણ પાકિસ્તાનમાંથી સરહદનાં પઠાણ ટોળાંઓએ કાશ્મીર પર હુમલો શરૂ કરતાં તેમણે ઇ. ૧૯૪૭ના ઑક્ટોબરમાં શેખ અબ્દુલ્લાના પ્રમુખપણા નીચે જવાબદાર સરકાર નીમીને તેમને બધી સત્તા સુપ્રત કરી દીધી છે.

કાશ્મીર જગતભરમાં ખાસ જાણીતું છે તેની કળાકારીગરીને માટે. બહારના જગતમાં કાશ્મીર શબ્દ તેની શાલોને લીધે વધુ સમજાય છે. કુદરતે જેમ કાશ્મીરમાં રંગભર્યું ભભકદાર સૃષ્ટિસૌંદર્ય મુક્ત હસ્તે વેર્યું છે, તેમ ત્યાંની પ્રજામાં પણ કળાકારીગરી તથા હસ્તકૌશલ્યની શક્તિ પણ છૂટે હાથે આપી છે. મખમલને પણ કોરે મૂકે એવી મુલાયમ અને વીંટીમાંથી પણ પસાર થાય તેવી બારીક, છતાં ઠંડીમાં હૂંફ આપતી શાલો, તેના પર કશો આલેખ કર્યા વગર પરબારું કરેલું ચિત્તાકર્ષક ભરતકામ ભભકદાર રંગબેરંગી ગાલીચાઓ, લાકડા તથા ચાંદીપરનું ઝીણવટભર્યું અદ્ભુત કોતરકામ, ફુલદાની આદિ વાસણોપરની ચિત્રકળા, નેતરની ગૂંથણી તથા રેશમનું વણાટકામ આદિ ત્યાંની કલાના અનેક નમૂનાઓ જગતભરમાં પંકાએલા છે. જે સુંવાળાં ઊનમાંથી બનાવવામાં આવેલી શાલ આપણી મૂઠીમાં સમાઈ જાય છે તે પશ્મીના નામનું ઊન કાશ્મીરનાં જ બકરાં અને ઘેટાંનું ઊન છે. આ બકરાંઓને ખાસ લદ્દાકના ઉચ્ચ પ્રદેશ પર ઉછેરવામાં આવે છે. રેશમ માટે રેશમના કીડા ઉછેરવાનો ધંધો પણ મોટા પ્રમાણમાં ત્યાં ચાલે છે. પેઢી દર પેઢી આવતી આ

આ કળાકારીગરીનો ઉચ્ચ કસબ જોઇ મુસાફરો આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય છે. ત્યાંની એ નયન મનોહર કળા એ ધરતીનાં જ તત્ત્વો અને વસ્તુઓથી પોષાએલી છે. ઊન ત્યાંનાં જ બકરાંના શરીરનું, રેશમ ત્યાં જ ઉછેરવામાં આવેલા રેશમ-



ના કીડાનું, રંગો હિમાલયના જ પથ્થરો અને વનસ્પતિમાંથી બનાવેલા, ઓજારો સાધનસામગ્રી પીંછીઓ બધું જ એ ભૂમિમાં પેદા થએલું હોય છે. પોતાના ઘરના છજામાં કે અંધારિયા ઓરડામાં જૂનવાણી ઢબનાં સાધનોથી આજના યુગને પણ ચકિત કરી દે તેવી ઉત્તમ કલા-વસ્તુઓ પેદા કરતાં કુટુંબનાં ૫-૭ માણસો સ્વસ્થતાથી બેઠાં હોય એવો દેખાવ શ્રીનગરનાં ઘણાંખરાં ઘરોમાં જોવા મળે છે.

કાશ્મીરની ભૂમિ જેટલી સૌંદર્યસંપન્ન છે તેટલી જ ફળદ્રુપ પણ છે. અખરોટ, જમરૂખ, સફરજન, નારંગી, બદામ, દ્રાક્ષ, આલુ આદિ અનેક સ્વાદીષ્ટ ફળો ત્યાં મબલખ પ્રમાણમાં થાય છે. પણ પર્વતોની હારમાળાવાળા એ દેશમાં મુખ્ય વાંધો તો ખેતીને લાયક સપાટ જમીનનો છે. જોકે વૂલર સરોવર અને જેલમ નદીની આસપાસ સપાટ પ્રદેશ છે, પણ તે પૂરતો નથી. પણ તેનો રસ્તો ત્યાંનાં ચાલાક લોકોએ શોધી કાઢ્યો છે. નદી અગર સરવરોમાં તરતા તરાપા બાંધી તે પર માટી પાથરી, તરતાં ખેતરો તેઓ બનાવી લે છે. આ તરતાં ખેતરોમાં શાકભાજી તથા ફળફળાદિ તૈયાર થઈ શકે છે. પણ આ ખેતરનું દુઃખ એ છે કે કોઈ એને રાત્રે ચોરી પણ જઇ શકે!

કાશ્મીરનું મુખ્ય આકર્ષણ અને વિશેષતા તેની હોડીઓ તથા નૌકાઘરો (હાઉસ બોટ) છે. એ નૌકાઘર એટલે પાણીમાં તરતું એક મોટું ઘર. આ ઘરમાં લાકડાની ત્રણચાર ઓરડીઓ—રસોડું, સૂવાની ઓરડી, દીવાનખાનું તથા અગાશી હોય છે. તેમાં ખુરશી-ટેબલ આદિ ફર્નિચર ઉપરાંત શોભા તથા આકર્ષણ માટે કાશ્મીરી ગાલીચા તથા ભાતવાળાં પડદા પણ લટકાવેલાં હોય છે. આથી કાશ્મીરમાં જનારને ઘર ભાડે રાખી રહેવાની જરૂર નથી પડતી. આવું એક નૌકાઘર ભાડે રાખવાથી રહેવાનો અને ફરવાનો એવા બંને લાભ મળે છે; આ મોટા નૌકાઘર સાથે બેત્રણ બીજી નાની હોડીઓ (જેને ‘શિકારા’ ઘર કહે છે) પણ હોય છે. આ શિકારા સાથે બીજા ત્રણેક નોકરો ઘરના માલિકની સેવા માટે તૈયાર હોય છે. આ નૌકાઘરનો મોટો ખાસ લાભ એ હોય છે કે રોજ નવાનવા સ્થાને રહેવાનો ને નવુંનવું જોવાનો લહાવો તેથી મળી શકે છે.

પણ કાશ્મીર જવું અને ત્યાંની બે વસ્તુઓ જોયા વગર પાછા આવવું એ અધૂરી મુસાફરી કર્યા જેવું ગણાય. એક તો ડાલ સરોવરને કાંઠે આવેલા શાલીમાર, નિશાત, નસીમ અને ચશ્મે શાહી એ વિખ્યાત મુઘલ બાગો, અને બીજી અમરનાથની ગુફા. જગતના વિખ્યાત બાગોમાં સ્થાન પામેલા આ બાગોમાં ફરનાર માણસને પોતે અમરાપુરીમાં ફરી રહ્યો હોવાનો ભાસ થાય છે. હરિત કૂંળા ઘાસથી છવાએલા અનેક ચોકમાં અવનવાં ફૂલોની પૂરેલી રંગોળીઓ, પહાડમાંથી નીકળતા વિવિધ ઝરાઓને બાગમાં યોજનાપૂર્વક વાળીને તૈયાર કરેલું કુદરતી વાતાવરણ, ફુવારાઓ, વિશાળ ચિનાર વૃક્ષોની શીતળ ઘટા, ને એ સૌની પાછળ હિમાચ્છાદિત પર્વતોની માળાઓ એ બધું સ્વર્ગીય વાતાવરણ જોઈ મુસાફરને તે બગીચામાંથી નીકળવાનું મન જ થતું નથી.

અને ૧૬,૪૨૭ ફૂટ ઊંચે આવેલી અમરનાથની ગુફાનું બરફનું શિવલિંગ તો ભાવિકો માટે પ્રબળ આકર્ષણનું સ્થાન છે. દર શ્રાવણ પૂર્ણિમાએ ત્યાં મોટી યાત્રા થાય છે. ચાર દિવસની કપરી મુસાફરી કરી, હજારો યાત્રાળુઓ તે વખતે ત્યાં જાય છે. એ ગુફામાં એક ખૂણામાં પાણી ટપકીને બરફ થઈ જાય છે અને તેનું જ શિવલિંગ બને છે. કુદરતનો આ અદ્‌ભુત દેખાવ જોવા દૂરદૂરથી લોકો આવે છે.

આવા, દેવો અને કિન્નરોના ક્રીડાસ્થાન સમા આ દેશમાં રહેતા લોકો ઘણા ગરીબ અને કંઈક અંશે ગંદા છે. કાશ્મીરની ઠંડી, આરોગ્યદાયક હવામાં રહેવાથી તેમનો બાંધો સુદૃઢ છે. ઊંચા, કદાવર, તેજસ્વી આંખોવાળા તથા ઊજળી ચામડીવાળા એ લોકોને પોતાની ગરીબાઈ હસી કાઢતાં પણ આવડે છે. માથે ચપોચપ બંધ બેસે તેવી ટોપી અને ઘાટ વગરનો લાંબો ઊનનો ઝબ્બો તથા લાંબી ઈજાર એ ત્યાંના પુરુષનો પહેરવેશ. સ્ત્રીઓ પહેરણ ઉપર ગરમ શાલ ઓઢે છે. તેમના ડગલાની વિશેષતા એ છે કે તેની બાંયો હાથ કરતાં ય લાંબી હોય છે. જે લંબાવીને કાશ્મીરની સખત ઠંડીથી હાથને બચાવી શકાય છે. ઠંડીથી બચવાનો તેમનો બીજો ઉપાય ગળામાં સળગતી સગડી લટકાવવાનો છે. ૪૦ લાખની અહીંની વસતિમાં ૭૫ ટકા મુસલમાન અને ૨૫ ટકા હિંદુ છે. લોકો લગભગ બધા જ માંસાહારી છે. ચોખા અને માછલી એ તેમનો મુખ્ય ખોરાક છે.

કાશ્મીરનું સૌથી મોટું શહેર શ્રીનગર. બે લાખની વસતિવાળા, હિંદનું વેનીસ ગણાતા આ શહેરનો વિસ્તૃત પરિચય ૨૮૮મા અંકમાં આવી ગયો. શ્રીનગરથી લગભગ ત્રીસેક માઇલ દૂર આવેલું ગુલમર્ગ શહેર પણ પરીની ભૂમિ જેવું કલ્પનામય છે. ત્યાં મુખ્યત્વે ગોરાઓની વસતિ વિશેષ છે. શ્રીનગરથી ૩૨ માઈલ દૂર આવેલું અનંતનાગ અથવા ઇસ્લામાબાદ શ્રીનગરથી બીજા નંબરનું શહેર છે. તેની વસતિ ૨૦ હજાર હોઈ ત્યાં લાકડાનું કોતરકામ, દીવાસળીનાં કારખાનાં, શાલો વગેરે બને છે. એ સિવાય બીજાં મહત્ત્વનાં ગામોમાં પુંચ, ઇસ્લામાબાદ, મીરપુર, જમ્મુ, રાજોરી, ગિલગીટ, કોહલાટ, ડોમેલ, મેન્ધર, ઉરી, રામપુર ઇત્યાદિનો સમાવેશ થાય છે.

પરંતુ કાશ્મીરનું આ નંદનવન હજુ જોઇએ તેટલું વિકાસ નથી પામ્યું. શિક્ષણ, ઉદ્યોગો, આધુનિક સગવડ, ખેતી ઈત્યાદિ અનેક બાબતોમાં તે પછાત છે. પશ્ચિમના સર્વશ્રેષ્ઠ સૌંદર્યસ્થાન ગણાતા સ્વિટ્ઝર્લૅન્ડને પણ ટપી જાય એવું અદ્‌ભુત સૌન્દર્ય ધરાવવા છતાં જવા-આવવાના ઉત્તમ વ્યવહારમાર્ગ, પાશ્ચાત્ય પદ્ધતિની રહેવાખાવાની યોગ્ય વ્યવસ્થા તથા બીજી અનેક સગવડો ન હોવાને કારણે હજુ તે જગતનું જોઇએ તેટલું ધ્યાન ખેંચી શક્યું નથી. જો એ થાય તો જગતનું શ્રેષ્ઠ સૌંદર્યધામ તથા આરોગ્યધામ તે બની શકે તેમ છે. પછી દેશવિદેશથી લોકો તેની સહેલગાહે આવશે અને હિંદની અ. સૌંદર્યસંપત્તિ જોઈ આશ્ચર્યચકિત બની પાછા ફરશે.



કાશ્મીરી શાલદુશાલા વગેરે પર રેશમવડે થતાં વેલબુટ્ટીઓના બારીક ભરતકામના નમૂના

લે૦ જનરલ મહારાજ રાજેન્દ્રસિંહજી



હૈદરાબાદના લશ્કરી ગવર્નર મેજર જનરલ ચૌધરી



વિશાળ અનુભવને કારણે વૉશિંગ્ટન ખાતે લોકસંપર્ક ખાતાના ડેપ્યુટી ડિરેક્ટર તે નિમાયા, જ્યાં દોઢ વર્ષ સુધી મિલિટરી ઍટૅચી(સલાહકાર) તરીકે પણ તેમણે કામ કર્યું. પછી તો એક પછી એક ઉચ્ચ અધિકારની જગ્યાઓ તેમને મળવા લાગી. ૧૯૪૬માં તે બ્રિગેડિયર થયા ને પછી ટૅન્ક પલટનના મુખ્ય અમલદાર બન્યા. તે ટૅન્ક વગેરે બખ્તરિયા દળના યુદ્ધના તજ્ઞ મનાય છે. હૈદરાબાદના યુદ્ધમાં તેમનો એ અનુભવ કીંમતી નીવડેલો.

હિંદ સ્વતંત્ર થયા પછી તે હિંદની રાજધાની દિલ્હીના સંરક્ષણ માટે મુખ્ય અધિકારી નિમાયા, જ્યાંથી તે લેફ્ટ૦ જનરલ કરિઅપ્પાને સ્થાને પૂર્વ વિભાગના સેનાધિપતિ નિમાયેલા. અને ગયા એપ્રિલમાં જ દક્ષિણ વિભાગના જી. ઓ. સી. ઇન સી. (જનરલ ઑફિસર કમાન્ડિંગ ઈન ચીફ) તરીકે તેમની નિમણૂક થએલી.

હિંદના લશ્કરી ઇતિહાસનું જે નવું પ્રકરણ ૧૯૪૭ની ૧૫ મી ઑગસ્ટથી લખાવું શરૂ થયું છે તેમાં લે૦ જનરલ રાજેન્દ્રસિંહે પોતાની અનન્ય સિદ્ધિ વડે પોતાનું નામ ઊજળે અક્ષરે લખાવ્યું છે. ભવિષ્યમાં પણ હિંદનો ધ્વજ ગૌરવપૂર્ણ ફરકતો રહે તે માટે તેમની શક્તિઓ મોટો ફાળો આપશે એવી માત્ર આશા નહિ ખાત્રી છે.

મેજર જનરલ જયંત ચૌધરી

યોગ્ય તક અને અનુકૂળ વાતાવરણ મળતાં હિંદનું લશ્કરી ખમીર કેવું ઝળકી ઊઠે છે તેનો બીજો જ્વલંત દાખલો મેજર જનરલ જે. એન. ચૌધરી છે. આજે લશ્કરી અધિકારીઓમાં સૌથી નાની ઉમર (માત્ર ૪૦ વર્ષની) ધરાવતા હોવા છતાં હૈદરાબાદના યુદ્ધમાં સોલાપુર મોરચે તેમણે જે રણકૌશલ તથા બહાદુરી બતાવ્યાં છે તે કોઇ પણ હિંદીને માટે મગરૂબ થવા જેવાં છે. હૈદરાબાદથી ૧૭૫ માઇલ દૂર એવા સોલાપુરથી તેમણે એવી વીજઝડપે આક્રમણ શરૂ કર્યું કે નિઝામના સૈન્યને ક્યાંય પણ મોરચા બાંધીને સામનો કરવા જેટલો વખત કે વિશ્રાંતિ જ ન મળ્યાં, અને પાંચમે જ દિવસે શ્રી ચૌધરીની પલટન સીકંદરાબાદથી માત્ર ૨૫ માઇલ દૂર આવી નિઝામનાં દ્વાર ખટખટાવવા લાગી. તેમની આ વીજળિક બહાદુરીને લીધે જ નિઝામને આટલી વહેલી શરણાગતિ સ્વીકારવી પડી.

કલકત્તાના એક જાણીતા બૅરિસ્ટરના એ જ્યેષ્ઠ પુત્ર છે. એમનો જન્મ ૧૯૦૮માં થએલો. શાળાનો અભ્યાસ લંડનમાં પૂરો કરી ત્યાંની પ્રખ્યાત સૅન્ડહર્સ્ટની લશ્કરી શાળામાં તે જોડાયા, અને તે શિક્ષણ લીધા બાદ ૨૦ વર્ષની નાની વયે જ તે ૭મી લાઈટ કૅવલરીમાં અમલદાર તરીકે નિમાયા.

ગયા મહાયુદ્ધમાં 'સ્ટાફ ઑફિસર' તરીકે તેમણે આફ્રિકામાં સુદાન, ઍબિસીનિયા આદિ રેતાળ પ્રદેશનાં રણક્ષેત્રો પર વિક્રમશીલ કારકિર્દી બતાવેલી અને છેલ્લેછેલ્લે મધ્ય પૂર્વમાં ક્વાર્ટર માસ્ટર જનરલ તરીકે તેમણે જે અભિનંદનીય કાર્ય કરી બતાવેલું તેને કારણે તો તેમને ઓ. બી. ઇ.નું લશ્કરી બિરુદ આપવામાં આવેલું. હિંદ પાછા ફર્યા બાદ તેમના વિશિષ્ટ લશ્કરી અનુભવને લીધે તેમને ક્વેટાની સ્ટાફ કૉલેજમાં પ્રોફેસર નીમવામાં આવ્યા અને ૧૯૪૪માં ફરી તે ૧૬મી લાઇટ કૅવલરીના ઉપરી અધિકારી નિમાયા.

આ પલટનનું હિંદી લશ્કરી દળોમાં એક વિશિષ્ટ સ્થાન હતું. હિંદી બખ્તરિયા દળોની આ પ્રથમ રેજિમેન્ટ હતી, એટલું જ નહિ પણ હિંદભરમાં તે સૌથી મોટી હતી. આવી પલટનના સેનાપતિ થવાનું હિંદી તરીકે પ્રથમ માન ચૌધરીને મળે એ નાનીસૂની વાત નહોતી. તેમની આગેવાની નીચે આ પલટને ક્વેટાથી મૌક્તિલા સુધીનો ૩૦૦૦ માઈલનો પ્રવાસ માત્ર એક મહિનામાં પૂરો કરેલો. રંગૂન પર મિત્રદળોએ જે ચડાઇ કરેલી તેમાં અગ્રરક્ષક તરીકે મોખરે શ્રી ચૌધરીની આ જ પલટન હતી. બ્રહ્મદેશના યુદ્ધમાં તેમણે ફરી પોતાની જન્મજાત બહાદુરીનો પરચો આપ્યો હતો. હિંદી ચીન તથા જાવામાં પણ તેમણે સફળ યુદ્ધો ખેલેલાં. આથી ૧૯૪૬માં તેમને બ્રિગેડિયર ને ૧૯૪૮માં મેજર જનરલ બનાવવામાં આવેલા.

પણ કેવળ બહાદુરી, પરાક્રમ કે બતાવ્યું કામ સફળરીતે પાર પાડવાની શક્તિ માટે જ તે મશહૂર નથી. હિંદી લશ્કરના તે એક

મેજર જનરલ અજિત અનિલ રુદ્ર



વાઈસ એર માર્શલ એસ. મુખરજી



બુદ્ધિકેન્દ્ર ગણાય છે. યુદ્ધની સમગ્ર યોજના કરવી, તેમાં લશ્કરનો વ્યૂહ ગોઠવવો તથા યુદ્ધ સત્વર જીતવા માટે ક્યાંક્યાં સાધનો તથા પરિબળો ઉપયોગમાં લાવવાં તે નક્કી કરવું ઈત્યાદિ મહત્ત્વનાં આયોજનો કરવાનું કાર્ય તેમને સોંપાએલું છે. થોડા વખત પહેલાં જ ઑફિશિયેટિંગ ચીફ ઑવ ધ જનરલ સ્ટાફ તરીકે તેમની નિમણૂક થએલી. અને હવે તેમની એ શક્તિઓને કારણે જ તેમને હૈદરાબાદના લશ્કરી વહીવટદાર નીમવામાં આવ્યા છે. આઝાદ હિંદની ભાવિ લશ્કરી કારકિર્દીમાં તેમને માટે ટોચનું સ્થાન હશે એ ચોક્કસ લાગે છે.

મેજર જનરલ અજિત અનિલ રુદ્ર

આજ સુધીની બ્રિટિશ પ્રણાલિ એ હતી કે હિંદીઓને લશ્કરમાં ઊંચું સ્થાન ન આપતાં તેમને પાછળ જ રાખવા. આ લોખંડી પ્રણાલિને પોતાની બિનહરીફ યોગ્યતા, પરાક્રમ અને યુદ્ધકૌશલ્યથી તોડનારા હિંદીઓમાં મેજર જનરલ અજિત અનિલ રુદ્ર આગળપડતા છે. બીજાઓની પેઠે અમલદારી નિમણૂકથી નહિ પણ એક અદના સૈનિક તરીકે તે લશ્કરમાં દાખલ થએલા, અને કેવળ પોતાની ગુણવત્તાને લીધે જ આજે મેજર જનરલના પદે પહોંચ્યા છે. આમ હિંદી સૈન્યના બધા તબક્કાઓનો સૌથી વિશેષ અનુભવ ધરાવતા અધિકારી ગણાતા મેજર જનરલ રુદ્રે હૈદરાબાદ પરની ચડાઈમાં બેઝવાડા તરફથી જોરદાર હુમલો કરીને નિઝામને મૂંઝવી નાખેલા.

દિલ્હીની સેન્ટ સ્ટીફન્સ કૉલેજના જાણીતા પ્રિન્સિપાલ રુદ્રને ત્યાં ઇ. ૧૮૯૬માં તેમનો જન્મ થએલો. ઇંગ્લંડમાં ટ્રિનિટી કૉલેજમાં ભણતર પતાવ્યા બાદ લશ્કરી પ્રવૃત્તિ તરફના આકર્ષણને કારણે તે રૉયલ ફ્યુઝિલિયર્સની ૧૮મી પલટનમાં સાદા સૈનિક તરીકે જોડાયા. પણ કોલસાની ખાણમાં પડેલો હીરો જેમ ચમક્યા વગર રહેતો નથી તેમ શ્રી રુદ્રની યોગ્યતા પણ છાની ન રહી. તેમને પહેલાં લાન્સ કૉર્પોરલ, પછી કૉર્પોરલ અને છેવટે સાર્જન્ટ તરીકે નીમવામાં આવ્યા. ૧૯૧૫માં પહેલા મહાયુદ્ધ વખતે સોમેના પ્રખ્યાત ભીષણ યુદ્ધમાં બ્રિટિશ ટુકડીના સરદાર તરીકે તેમણે ભાગ લીધેલો. એ યુદ્ધમાં બંને પક્ષે ભયાનક ખુવારી થએલી, જેમાં રુદ્ર પણ ઘવાયા હતા. ૧૯૧૯માં પંજાબ રેજિમેન્ટના અધિકારી તરીકે અફઘાન યુદ્ધમાં તથા સરહદની ઇતર લશ્કરી પ્રવૃત્તિઓમાં પણ તેમણે મોટી કામગીરી બજાવેલી.

ધીમેધીમે તેમણે પોતાની રેજિમેન્ટમાં એક પછી એક ચડિયાતા બધા જ હોદ્દાઓ મેળવવા માંડ્યા. ચાર વર્ષ તે ક્વાર્ટર માસ્ટર હતા, પછી ચાર વર્ષ ઍડજ્યુટન્ટ, પછી કમ્પની કમાંડર અને ૧૯૪૧માં એમની બટૅલિયનના સેકન્ડ-ઇન-કમાન્ડ નિમાયા; તથા ૧૯૪૩માં તેમને લેફ્ટેનન્ટ કર્નલ બનાવવામાં આવ્યા. બીજા મહાયુદ્ધમાં તેમણે બતાવેલા નૈપુણ્ય માટે ઇ. ૧૯૪૫માં તે કર્નલ બનાવાયા તથા તેમની ઉજ્જ્વળ સેવા માટે ઓ. બી. ઇ. નું માનભર્યું બિરુદ તેમને મળ્યું; અને ૧૯૪૬માં તેમને બ્રિગેડીઅરના હોદ્દે ચડાવવામાં આવ્યા એટલું જ નહિ પણ ડિરેક્ટર ઓવ મોરાલ તરીકે નીમવામાં આવ્યા. હિંદ સ્વતંત્ર થયું ત્યારે તે મિલિટરી સેક્રેટરી હતા. ત્યાંથી ૧૯૪૮માં તે મદ્રાસ વિસ્તારના મેજર જનરલ નિમાયા અને એ જ હોદ્દેથી હૈદરાબાદ પરના લશ્કરી પગલામાં તેમણે મહત્ત્વનો ભાગ ભજવ્યો. એક સાદો સૈનિક પણ ધારે તો કેવી જ્વલંત પ્રગતિ કરી શકે છે તેનું મેજર જનરલ રુદ્ર એક પ્રતીક છે.

વાઈસ એર માર્શલ એસ. મુખરજી

હૈદરાબાદ પરની વીજળિક ચડાઈમાં વિમાની પ્રવૃત્તિનું સંચાલન કરીને નિઝામનાં વિમાનઘરો તથા વિમાનોને કબજે કરનાર વિમાની દળના વાઈસ એર માર્શલ એસ. મુખરજીનું હિંદી વિમાની દળમાં અનોખું સ્થાન છે. વિમાની દળના ઘણાખરા મહત્ત્વના હોદ્દા ધરાવનાર તે જ પ્રથમ હિંદી હતા. હિંદી વિમાની દળના અમલદારો માટેની તાલીમ લેવા ગએલી પહેલી જ ટુકડીમાંના તેઓ એક હતા, અને હિંદી વિમાની દળમાં કમિશન મેળવનાર પણ તે જ પ્રથમ હિંદી હતા. સ્કવૉડ્રનના ઉપરી નિમાનાર પણ તે જ પ્રથમ હિંદી અને વિમાની દળના કેન્દ્રના અધિપતિ નિમાનાર પ્રથમ હિંદી પણ તે જ.

જ્ઞાનેન્દ્રિય હોવી જોઈએ. આ જ જ્ઞાનેન્દ્રિયના પ્રતાપે પ્રાણીઓ પોતાનો ખોરાક શોધી કાઢે છે, પક્ષીઓ કહોવાતાં વૃક્ષોની છાલમાંથી કે જમીનમાંથી ઊંડે દટાએલાં કીડા ને જીવાત શોધી કાઢે છે.

ઉપર જણાવેલી જ્ઞાનેન્દ્રિય વડે કે બીજી કોઇ વિશિષ્ટ જ્ઞાનેન્દ્રિયને કારણે મધ્ય અને દક્ષિણ અમેરિકાના પોપટો ધરતીકંપની આગાહી કરી શકે છે. પોપટની હીલચાલ જોઈ ત્યાંના વતનીઓ અચૂક રીતે આગામી ધરતીકંપના ભય સામે સાવધ થઇ રહે છે. એ જ રીતે વાદળાંનું નામનિશાન ના હોય તોપણ ઢોર ને ઘોડાંની એ જ્ઞાનેન્દ્રિયને કારણે થતા વિશિષ્ટ ચેનચાળા ઉપરથી ગોવાળો તોફાનનું આગમન જાણી શકે છે. કેટલાંક પ્રાણીઓ અને ખાસ કરીને હાથી, પોતાનું મૃત્યુ અગાઉથી જાણી શકે છે, અને તે માટેના નિયત સ્થળે પહોંચી જાય છે એ તો ખૂબ જાણીતી વાત છે. એ જ રીતે કેટલાક માણસો પણ આગામી બનાવોનું જ્ઞાન ધરાવે છે. આ જ્ઞાનને લીધે માણસો નજીકના ભવિષ્યમાં આવનાર આપત્તિ, મૃત્યુ યા દૂર વસતા આપ્તજન પર આવનારી કે આવેલી આપદા જાણી શકે છે. આ જ્ઞાનને અગમ્યવાદ કે ઉચ્ચ પ્રકારની કલ્પનાશક્તિ લેખવામાં આવે તો ભલે, પણ વૈજ્ઞાનિકો કહે છે કે આ નવમી જ્ઞાનેન્દ્રિયનાં ગૂઢ અને રહસ્યમય કાર્યો કેમ ન હોઇ શકે?



'કેન્નેડી ચન્દ્રક' મેળવનાર પ્રથમ હિન્દી

લંડનની કૉર્પોરેશન ઑવ્ સર્ટિફાઈડ સેક્રેટરીઝ(પ્રમાણિત સેક્રેટરી સંઘ)ની પરીક્ષામાં ઊંચે સ્થાને આવનારને દર વર્ષે જસ્ટિસ કેન્નેડી ચન્દ્રક અપાય છે. ૧૯૪૬માં શ્રી આર. એમ. પટેલ એ ચન્દ્રક મેળવનાર આજ સુધીમાં પહેલા હિંદી છે. ચિત્રમાં લંડનમાંના હિંદના હાઈ કમિશ્નર શ્રી વી કે. કૃષ્ણમેનન તે ચન્દ્રક શ્રી પટેલને આપી રહ્યા છે.

દસમી જ્ઞાનેન્દ્રિય વિચારબળની છે. હિપ્નૉટિઝમ આનો એક પ્રકાર ગણાય. મદારીના સર્પખેલ પણ એમાં જ આવે. બધાં કરતાં કૂતરામાં આ દસમી જ્ઞાનેન્દ્રિય ઉચ્ચ પ્રકારે ખીલેલી હોય છે.

આમ, પ્રાણીઓનાં અનેક અદ્ભુત કાર્યોને આપણે 'પ્રેરણા'ના નામે સંબોધીએ છીએ; પણ શરીરશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને વૈદકીય શોધખોળો તે ક્રિયાઓ તથા જ્ઞાન વિશિષ્ટ જ્ઞાનેન્દ્રિયનું હોવાનું સૂચન કરે છે.

—ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

શરદ-પૂર્ણિમા

વર્ષાના વાદળઘેર્યાં આકાશ પછી પહેલવહેલી આવતી આ નિરભ્ર અને નિર્મળ પૂનમ વખતે નથી હોતો ઉનાળાનો ઉકળાટ કે નથી હોતી શિશિરની શરીર કંપાવતી ટાઢ. તે સ્વચ્છ રાત્રિએ સ્વસ્થ શીતળતામાં રત્ન જેવા તારાઓની વચ્ચે ઉલ્લાસથી પ્રકાશતા ચંદ્રની શોભા, તેની દૂધ જેવી ચાંદનીમાં નહાતું સૃષ્ટિનું સૌંદર્ય, અને તે બધાની મન પર થતી જાદુઈ અસરને કારણે શરદ-પૂર્ણિમા આપણા તહેવારોમાં અગત્યનું સ્થાન ધરાવે છે. શરદ-પૂનમ એટલે કુદરતનું કાવ્ય અનુભવવાનો તહેવાર.

એ દિવસે આપણે ત્યાં અગાશી કે ખુલ્લાં મેદાનોમાં બેસી ચન્દ્રની અમૃતસમી ચાંદની ઝીલતાંઝીલતાં અને મિત્રમંડળી સાથે આનંદવિનોદ કરતાંકરતાં દૂધપૌંઆ ખાવાનો રિવાજ છે. ચોમાસામાં પાકેલી નવી ડાંગરના પૌંઆ ઘણા મિઠાશવાળા લાગે છે. કેટલેક ઠેકાણે તેને કોપરા સાથે ખાવાની પ્રથા છે. શરદ-પૂર્ણિમાની ચાંદનીમાં દૂધ-પૌંઆ રાખી મૂકવાથી તેનું અમૃતીકરણ થાય છે એવી એક માન્યતા છે. આ ફળાહારના કાર્યક્રમ ઉપરાંત સ્ત્રીઓ ઠેરઠેર રાસ-ગરબા ગાય છે. નાનામોટા પુરુષો એ આહ્લાદક ચાંદરણામાં આટાપાટા રમે છે, કોઈ કોઈ ઠેકાણે સંગીત થાય છે. તો કોઇ ધાર્મિક વ્યક્તિ તે દિવસે વૈદિક બ્રાહ્મણ પાસે મંત્રજાગર કરાવે છે. આમ શરદ ઋતુના આ છેલ્લા દિવસે સૌંદર્યનું બની શકે તેટલું પાન કરવામાં આવે છે.

બ્રહ્માંડ-પુરાણમાં કહ્યું છે કે શરદ-પૂર્ણિમાને દિવસે શહેરના રસ્તાઓ સાફ કરી તેના પર સુગંધી જળનો છંટકાવ કરવો, ઠેકઠેકાણે પુષ્પો પાથરવાં, ચંદરવા તાણવા અને બધે પ્રફુલ્લ વાતાવરણ રાખવું; કારણ તે દિવસે લક્ષ્મી બધે ફરે છે. પણ તે રાત્રે નિસર્ગની જે અવર્ણનીય શોભા હોય છે તે તો પ્રત્યક્ષ લક્ષ્મી કરતાં પણ ચડી જાય તેવી હોય છે. જ્યોતિષીઓ કહે છે કે તે દિવસે ચન્દ્ર પૃથ્વીની વધારેમાં વધારે પાસે આવે છે. આસો સુદ ૧૫ને દિવસે આવતા આ તહેવારને મરાઠીમાં કોજાગરી પૂર્ણિમા પણ કહે છે. કેટલેક ઠેકાણે કાર્તિકસ્નાનની શરૂઆત આ દિવસથી કરવામાં આવે છે. આ માસની દશમ, એકાદશી કે પૂર્ણિમાથી એક મહિના સુધી કોઈ પણ તીર્થ પર રહી પરોઢિયામાં કરાતા સ્નાનને કાર્તિકસ્નાન કહેવામાં આવે છે.

પણ શરદ-પૂર્ણિમાનું સાચું સૌંદર્ય માણવું હોય તો રાત્રે બે વાગ્યે ઊઠવું જોઇએ. તે વખતે નીરવ રાત્રિની શાંતિમાં તારા, ચંદ્ર અને સૃષ્ટિ જે સંગીતમય તાલ લે છે તેનો આહ્લાદ એકવાર ચાખ્યા પછી ભાગ્યે જ ભૂલી શકાય તેવો હોય છે.

માસમાસના તહેવારો-૧૦

ચાલુ તવારીખ: સપ્ટે૦

તા. ૧ ડૉ. જીવરાજ મહેતાના પ્રમુખપણા નીચે વડોદરામાં પ્રધાનપદાની રચના.

તા. ૩ યુરોપના સમર્થ રાજપુરુષ તથા ચેકોસ્લોવાકિયાના લોકપ્રિય પ્રમુખ તથા રાષ્ટ્રપ્રાણ ડૉ. બૅનેસનું મૃત્યુ. ◖ ૧,૩૦,૦૦૦ના પ્રાદેશિક લશ્કરી દળની રચના કરવાનો હિંદી પાર્લામેન્ટમાં નિર્ણય.

તા. ૫ ગંગા નદીમાં પૂર આવતાં સંયુક્ત પ્રાંતના ૮૦૦ ગામડાં પર પાણી ફરી વળ્યાં. ◖ બ્રહ્મદેશના કૉમ્યુનીસ્ટ બળવાખોરોએ મોલમીન તથા પેટુન કબજે કર્યાં.

તા. ૯ વ્યક્તિને નાતબહાર મૂકવાના કાર્યને ગુન્હો ઠરાવતો મુંબાઈ સરકારનો કાયદો.

તા. ૧૧ પાકિસ્તાનના ગવર્નર જનરલ મિ. મહંમદઅલી ઝીણાનું અવસાન. ◖ સિકંદરાબાદમાં હિંદનું લશ્કર રાખવા દેવાની વિનતિનો નિઝામ તરફથી અસ્વીકાર.

તા. ૧૩ હિંદી સંઘની ફોજોએ હૈદરાબાદ પર ૫ બાજુથી વિજળિક ધસારો શરૂ કર્યો.

તા. ૧૪ હિંદની પહેલી ક્રુઝર 'દિલ્હી'નું પં. જવાહરલાલે મુંબાઈમાં સ્વાગત કર્યું.

તા. ૧૬ હૈદરાબાદના પ્રતિનિધિમંડળની સંયુક્ત રાષ્ટ્રસંઘ આગળ મદદ માટે ધા. ◖ સિકંદરાબાદથી ૨૫ માઈલ છેટે હિંદી સેના.

તા. ૧૭ નિઝામે શરણાગતિ યાચી. હિંદી ફોજોનો જ્વલંત વિજય. ◖ યુનોના પૅલેસ્ટાઈન ખાતેના શાંતિદૂત બર્નાડૉટનું જેરૂસલેમમાં ખૂન.

તા. ૧૯ હૈદરાબાદની પ્રજા પર ત્રાસ વર્તાવનાર રઝાકારોના નેતા કાસીમ રઝવીની ધરપકડ. ◖ હૈદરાબાદમાં લશ્કરી વહીવટની સ્થાપના. મે. જ. ચૌધરી લશ્કરી ગવર્નર.

તા. ૨૧ હિંદી અખબારોની પોતાની માલીકીના પ્રેસ ટ્રસ્ટ આવ્ ઇંડિયાને રોઈટરની ઍસોશીએટેડ પ્રેસ ઑવ્ ઇંડિયા સોંપાઈ તથા તેને રોઇટરની સંસ્થામાં ભાગીદારી મળી.

તા. ૨૪ અનાજના ભાવો, તેની પ્રાપ્તિ અને વહેંચણી પર ફરી અંકુશ મૂકવાનો નિર્ણય.

તા. ૩૦ પૂર્વ પાકિસ્તાનમાં હિંદુ વેપારીઓની એકાએક ધરપકડ.

આ માસ (ઑક્ટોબર) ઇતિહાસમાં

તા. ૧ સ્વ. માલવીયજીના અથાક પરિશ્રમથી બનારસ હિંદુ યુનિવર્સિટીની સ્થાપના, ૧૯૧૭.

તા. ૫ પોર્ટુગાલમાં જબ્બર રાજ્યક્રાંતિ થઇને પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના, ૧૯૧૦.

તા. ૮ હિંદમાં નૂતન યુગનાં મંડાણ કરનાર 'યંગઇન્ડિયા' પત્રના ગાંધીજી તંત્રી બન્યા, ૧૯૧૯.

તા. ૧૪ ઑક્સફર્ડ વિશ્વવિદ્યાલયે પહેલી જ વાર સ્ત્રીસ્નાતકોને ઉપાધિ આપવા માંડી, ૧૯૨૦.

તા. ૧૬ વાણીસ્વાતંત્ર્ય માટે મહાત્માજીએ વૈયક્તિક સત્યાગ્રહ ઉપાડ્યો, ૧૯૪૦.

તા. ૧૯ 'ગુલીવર્સ ટ્રાવેલ'ના પ્રખ્યાત અંગ્રેજ કટાક્ષલેખક જૉનાથન સ્વિફ્ટનું અવસાન, ૧૭૫૪.

તા. ૨૫ ગયા મહાયુદ્ધમાં જર્મનીએ રશિયાનું મજબૂત થાણું ખાર્કોવ કબજે કર્યું, ૧૯૪૧.

તા. ૨૬ વર્ષોની લડત પછી આયર્લૅન્ડ સ્વતંત્ર થયું, ડી' વેલેરા પ્રમુખ ચુંટાયા, ૧૯૨૨.

તા. ૨૮ હિંદુ ધર્મની દીક્ષા લઈ ભારતની મૃત્યુ પર્યંત અખંડ સેવા કરનાર તેજસ્વી આઇરીશ કુમારિકા ભગિની નિવેદિતાનો જન્મ, ૧૮૬૭.

તા. ૨૯ અંગ્રેજોએ નેપાળ રાજ્યના કલંગાના કિલ્લા પર હુમલો કર્યો, ૧૮૧૪. ત્યાંના ગુરખા સેનાપતિ બલભદ્રસિંહે માત્ર ૬૦૦ માણસોની મદદ વડે ૧ મહિનો ટક્કર ઝીલી.

આ માસની વ્યક્તિ-વિશેષ: **બલવન્તરાય કલ્યાણરાય ઠાકોર**



દેહે અને વિદ્વત્તાએ જ્હૉનસન કે ચેસ્ટર્ટનની યાદ આપતા, ગુજરાતી સાહિત્યની ગઈ પેઢીના છેલ્લા ધુરંધર, વિચારભારવાળી કવિતા તથા સૉનેટને સાહિત્યમાં પ્રવર્તાવનાર કવિ, કર્ણકઠોર પણ બલિષ્ઠ ગદ્ય સર્જનાર લેખક, સર્વસ્પર્શી પૃથક્કરણશક્તિ ધરાવનાર વિવેચક ને વિચારક શ્રી બલવંતરાય ઠાકોરનો જન્મ ૧૮૬૯ની ૨૩મી ઑક્ટોબરે ભરૂચમાં બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિમાં થયો હતો. તેમના પિતા કલ્યાણરાય રાજકોટમાં સરન્યાયાધીશ હતા, એટલે શરૂનું શિક્ષણ ભરૂચમાં લઈ ૧૨ વર્ષની વયે તે રાજકોટ હાઇસ્કૂલમાં દાખલ થયા અને તેજસ્વી વિદ્યાર્થીજીવન પછી પૂનાની ડૅક્કન કૉલેજમાંથી તેમણે બી.એ.ની પરીક્ષા ઘણા ઊંચ નંબરે પાસ કરી, એટલું જ નહિ પણ અંગ્રેજીમાં પ્રથમ આવીને એલિસ સ્કૉલરશિપ મેળવી.

ત્યાંથી મુંબાઇ આવી તે 'ઇન્ડિયન સ્પેક્ટેટર'ના મદદનીશ તંત્રી થયા તથા 'ટાઈમ્સ ઑવ ઇન્ડિયા'માં પણ કતારો લખવા માંડી. પણ તેમની ઈચ્છા આઇ. સી. એસ. માટે ઇંગ્લંડ જવાની હતી તે પિતાશ્રીના વિરોધને લીધે પડતી મૂકી, ફરી તે એમ. એ.ના અભ્યાસ માટે પૂને ગયા. એ અભ્યાસકાળ દરમ્યાન મહર્ષિ રાનડે તરફથી તેમને માધવરાવ પેશ્વાના કાળના અમૂલ્ય કાગળપત્રો મળતાં તેમણે તેના પર સંશોધન કરી એક અભ્યાસપૂર્ણ ઐતિહાસિક નિબંધ લખ્યો, જેને માટે તેમને માણેકજી લીમજી સુવર્ણચન્દ્રક મળ્યો.

ઈ. ૧૮૯૫માં તે કરાંચીની કૉલેજમાં પ્રોફેસર નિમાયા. ત્યાંથી વડોદરા, અજમેર અને પુનામાં પણ ઇતિહાસ, અર્થશાસ્ત્ર, ફિલસુફી ઇત્યાદિ વિષયોના પ્રાધ્યાપક તરીકે તેમણે કામ કર્યું. એ દરમ્યાન જ 'આરોહણ' તથા 'ટીચિંગ ઑવ ટેનિસન' આદિ પુસ્તકો લખીને તેમણે સાહિત્યજગતમાં પ્રવેશ કર્યો. તેમની ગાઢ વિદ્વત્તાને કારણે તેઓ મુંબાઈ, બનારસ તથા અલ્લાહાબાદ યુનિવર્સિટીઓના પરીક્ષક નિમાવા લાગ્યા. આજસુધી તેમણે લખેલાં અનેક પુસ્તકો પૈકી ૮ કવિતાનાં, ૪ નાટકનવલિકાનાં, ૧૮ વિવેચનનાં, ૭ સંપાદિત સાહિત્યનાં ને ૬ તરજુમાનાં છે. ઉપરાંત અંબાલાલભાઈ નામક ચરિત્ર, પ્લુટાર્કનાં ૮ ચરિત્રો તથા અમેરિકાનો ઇતિહાસ પણ લખ્યાં છે. તેમનું 'ઇન્ડિયન ઍડમિનિસ્ટ્રેશન ટુ ધ ડૉન ઑવ રિસ્પોન્સિબલ ગવર્મેન્ટ' પુસ્તક તો આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામ્યું છે. આ મહિને ૮૦મા વર્ષમાં પ્રવેશતા હોવા છતાં તેમની સર્જનપ્રવૃત્તિ અને સ્વાધ્યાય તો પ્રથમ જેટલાં જ ઉત્કટતાથી ચાલે છે. ગુજરાતના ગૌરવરૂપ આ વિદ્વાન દીર્ઘાયુ થાઓ.

વીજળીના દીવાની શોધ (આ માસનો પ્રસંગ-વિશેષ): આજે જગતભરમાં રાત્રિને દિવસમાં પલટાવી દેતા રોજિંદા વપરાશના વીજળીના દીવાની શોધનો ઇતિહાસ રોમાંચક છે. ઇ. ૧૮૭૮માં એડિસને તેના પ્રયોગો શરૂ કરીને પ્રકાશ વિષેનાં સર્વ પુસ્તકો વાંચી કાઢી ૪૦ હજાર પાનાંની નોંધો તૈયાર કરી, સતત ૧ વર્ષ સુધી નિરાશ થયા વગર ૧૦ હજાર પ્રયોગો કર્યા, લાખેક રૂપિયાનું પાણી કર્યું, છતાં કોઈપણ ધાતુનો તાર દીવામાં ટકી શકતો નહિ. આખરે તેમણે સુતરની દોરી પર કાર્બનનું પડ ચડાવેલો તાર બે દિવસની મથામણ બાદ દીવામાં ગોઠવ્યો. અને ૧૮૭૯ના ૨૧મી ઑક્ટોબરે એડિસને ધડકતે હૈયે વીજળીની ચાંપ દાબી ને એડિસનનો વિજય થયો! ગોળામાં શાંત, અને ધુમાડા વગરનો પ્રકાશ પ્રકટ્યો હતો. આખું જગત છક્ક થઈ ગયું. એ પહેલો દીવો સતત ૪૫ કલાક બળીને ઓલવાઇ ગયો. પછી તો અનેક સુધારાવધારા બાદ લાંબો સમય સુધી ચાલે એવા દીવા તૈયાર થયા. આમ પ્રકાશના ઈતિહાસમાં એક નવા યુગની શરૂઆત થઈ.

ખામોશીના જૂના બદનમાં જોશ આણે,
અમે એને જુવાની નામ આપ્યું છે ખુશીથી.

—મકરન્દ દવે

બીજા મહાયુદ્ધમાં ડંકર્કના પરાક્રમપ્રસંગ પછીના કટોકટીના દિવસો હતા. ફ્રાંસ, બેલ્જિયમ, નૉર્વે ને ડેન્માર્ક પડચાં હતાં. રોજ હજાર-બારસો નાઝી વિમાનો ઇંગ્લંડ ઉપર આગ વરસાવતાં હતાં અને જર્મન દળ, ઇંગ્લંડ પર ઊતરવાની ઘડીઓ ગણાતી હતી. એ આગીના દિવસોનો વૃત્તાંત લેવા ઇંગ્લંડ ગએલ અમેરિકન પત્રકાર લૂઈ ફિશર, જૉન સ્ટ્રૅચીને મળવા ગએલો. સ્ટ્રૅચીની સ્ત્રી તથા બાળકો કૅનેડામાં હતાં તેને ઇંગ્લંડ લાવવાના ઇરાદાથી તેણે ફિશરને વિમાનનું ભાડું પૂછ્યું. ફિશરે કહ્યું, 'તમને નથી લાગતું કે તેઓ કૅનેડામાં વધુ સલામત છે?' સ્ટ્રૅચીએ જવાબ આપ્યો: 'આજે અહીં જે ચાલી રહ્યું છે તેનો અનુભવ મારાં બાળકો ન લે તો તેઓ એટલાં ઊણાં રહી જાય. મારે તેમને પૂરાં અંગ્રેજ બનાવવાં જોઇએ.'

કહેવતોના અર્થ: રાજા દાને ને પ્રજા સ્નાને'. સૌને પોતાની શક્તિ, અધિકાર અને મર્યાદા અનુસાર જીવન જોગવવું પડે છે એ ભાવ દર્શાવતી આ કહેવતનો માત્ર શબ્દાર્થ એ છે કે રાજા ધનવાન હોવાથી દાન કરીને ઈશ્વરને રાજી કરે છે, જ્યારે પ્રજા ફક્ત સ્નાન-(આદિ શારીરિક ભક્તિ)વડે. એના અર્થને તદ્દન મળતી તો નહિ, પણ એના જેવી બીજી કહેવતો: 'મોટાની જીભ વળે ત્યાં નાનાનું શરીર વળે.' 'સકર્મીની જીભ ને અકર્મીના ટાંટિયા,' વગેરે.

અનેકાર્થી શબ્દ: **હાલરું**=બાળકને નજર ન લાગે એવી ચીજોની માળા; જૂથ કે ટોળું; કણસલાગાંના કણ છૂટા પાડવા ખળીમાં બળદ ફેરવે છે તે; હાલરડું.

ગણિતગમ્મત: એકથી માંડીને કોઈ પણ રકમ સુધીના અંકોનો ક્રમિક સરવાળો જાણવો હોય તો, જે રકમ સુધીનો સરવાળો જાણવો હોય તે છેલ્લી રકમને ૨ વડે ભાગીને જે ભાગાકાર આવે તેને છેલ્લેથી બીજી સંખ્યા સાથે ગુણીને, ગુણાકારમાં તે છેલ્લી રકમ ઉમેરવી. દા. ત. ૧ થી ૮ સુધીનો સરવાળો મેળવવા માટે $\frac{૮}{૨}$=૪×૭=૨૮+૮=૩૬.

—ભાઈલાલ અં. ભટ્ટ

ચાનાં પાંદડાં બળતી સગડીમાં નાખવાથી માખો નાસી જાય છે એમ કહેવાય છે.

પ્રાણીઓમાં એક માત્ર ઊંટ જ એવું છે કે જેને મુદ્દલ તરતાં નથી આવડતું,

એક ચમચો નવસાર તેથી ત્રણ ગણા પાણીમાં ઓગાળી તે મિશ્રણ બ્રશ વડે ગરમ કાપડ ઘસવાથી તેના પર ડાઘા દૂર થાય છે. તે જ રીતે બે ભાગ લીંબુનો રસ અને એક ભાગ ટર્પેંટાઈનને ભેગું કરી તે રશમી કાપડ પર ।। ડાઘાને લગાડવાથી તે દૂર થાય છે.

પુ. હ. પટેલ

ભોજન બાદ નારંગી કે આમળાં જેવાં ખટાશવાળાં ફળ, સફરજન અથવા કાચાં શાકભાજી ખાવાથી દાંતનું આયુષ્ય વધે છે.


પૃથ્વી ઉપર જે જે ધાતુ છે તે બધી જ સૂર્ય ઉપર છે; પણ ત્યાં એટલી બધી ગરમી છે કે તે સર્વ વાયુરૂપે ત્યાં વિચરે છે.

માખી કાંઈ સાંભળી શકતી નથી.


દાઢમાં એકાએક આવતા ચસકા ત્યાં લવીંગનો રસ ઉતારવાથી શાંત પડશે.

છત્રી માટેનો અંગ્રેજી શબ્દ Umbrella (અંબ્રેલા) મૂળ ઇટાલિયન ભાષાનો છે. તેનો અર્થ થાય છે 'છાંયડો.'

જગતના કુલ ટેલિફોનના ૬૦ ટકા તો એકલા અમેરિકામાં છે. તેમાં યે એકલા ન્યૂ યૉર્કમાં જ ૨૨ લાખ ટેલિફોન છે, જે આખા ફ્રાન્સના ટેલિફોન કરતાં પણ વધારે છે.



ટૂંકી જગ્યામાં જ્યાં ઘરસંસાર સમાવવાનો હોય ત્યાં ચિત્રમાં બતાવ્યા પ્રમાણે, કોટનાં હૅન્ગર, છત્રી કપડાં વગેરે ટાંગવાનું સાધન બનાવી લેવાથી જગ્યાનો બચાવ થશે. સાથે માપ વગેરે પણ આપ્યાં છે જેથી તે ઘેર પણ બનાવી શકાય.



કલાકણિકા

અમેરિકન 'વસાહતકાળ'ની શોભનસમૃદ્ધ ખુરશી: ઇંગ્લંડથી પિલ્ગ્રિમ ફાધર્સ ધર્મસ્વાતંત્ર્યને માટે અમેરિકા જઇને નવી વસાહત માંડચા બાદ ત્યાં એમણે નીરાંતના કાળમાં ધીમેધીમે સ્થાપત્ય, રાચરચીલાં વગેરેમાં પોતાની રસવૃત્તિ અને સાધન સંજોગો અનુસાર જે શૈલી ખીલવી (અલબત્ત અંગ્રેજી ઢબ પર મંડાએલી) તે 'કૉલૉનિસ્ટ'—એટલેકે વસાહતકાળની શૈલી કહેવાય છે. તે શૈલીની આ ખુરશીનું બારીક અને વિપુલ શોભનકાર્ય એમની સૌન્દર્યપિપાસાનું દ્યોતક છે.


પૃથ્વી પરની જમીનનું ક્ષેત્રફળ ૧૯૭,૦૦૦,૦૦૦ ચોરસ માઈલ છે.

કૅનેડા દેશની જેટલી કુલ વસતિ છે તેટલી એકલા લંડન શહેરની જ છે,

ખોટી વાત: ઝડપથી વાંચનાર વાંચકને વાંચેલું બરાબર યાદ નથી રહેતું એવું ઘણા માને છે તે ખોટી વાત છે. ઊલટું ઝપાટાબંધ પાનું વાંચી જનારને જ તે પાનાની વિગતો સહેલાઇથી યાદ રહી શકે છે.

નદી-મુખ-પ્રદેશનું નામ 'ડેલ્ટા' શાથી?

નદીનો કાંપ પથરાવાથી મુખ આગળ જે પ્રદેશ બનેછે તેનો આકાર ગ્રીક બારાખડીના ૪ થા અક્ષર 'ડેલ્ટા' જેવો છે. આ અક્ષર નાના ત્રિકોણ જેવો હોઇ રોમન લિપિના D જેવો છે. આથી ઇ.સ. પૂર્વે પાંચમી સદીમાં ગ્રીકોએ નાઇલ નદીના મુખ આગળના ત્રિકોણાકાર પ્રદેશને 'ડેલ્ટા' કહેવાનું શરૂ કરેલું. ત્યારથી તેવા બધા પ્રદેશ ડેલ્ટા કહેવાય છે.



જમ્મુ અને કાશ્મીર વચ્ચેની ચોખાનાં ખેતરોવાળી રસાળ મનોહર ખીણનું રમણીય દૃશ્ય (ફોટો માર્ટિન હુર્લિમાન)
દેવોનું નંદનવન કહેવાતા હિંદના એ સર્વશ્રેષ્ઠ સૌન્દર્યધામ કાશ્મીર વિષેનો માહિતીભર લેખ આ અંકમાં આપ્યો છે.